અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ જુલાઈ ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૧

વર્ષ : ૧૭
અંક : ૨૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર મૂક્યો સ્ટે** હાઈકોર્ટે ૨૦૦૬ મુંબઈમાં થયેલા સીરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા

## ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમે સ્ટે મૂક્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

સોમવારે હાઈકોર્ટે ૨૦૦૬ મુંબઈમાં થયેલા સીરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટના આદેશ બાદ, સોમવારે સાંજે ૧૨ આરોપીઓમાંથી બેને નાગપુર સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે હાઈકોર્ટના આ નિર્ણય પર સ્ટે મૂક્યો છે. આ સાથે, ૧ મહિનાની અંદર જવાબ દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સોમવારે હાઈકોર્ટ દ્વારા નિર્ણયમાં ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર સરકારે આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. આ સાથે, તેણે સુપ્રીમ કોર્ટમાં જવાની વાત કરી હતી. મહારાષ્ટ્ર સરકાર વતી, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ તાત્કાલિક સુનાવણી માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ



કરી હતી. આજે આ મામલાની સુનાવણી થઈ. સમગ્ર મામલાની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાઈકોર્ટના નિર્ણયને પૂર્વવર્તી ગણવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો છે.

આ ઉપરાંત, તમામ ૧૨ આરોપીઓને નોટિસ જાહેર કરવામાં આવી છે અને ચાર અઠવાડિયામાં જવાબ માંગવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સરકારની અપીલ પર, જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ એનકે સિંહની બેન્ચે આદેશ જારી કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મેં ફાઈલ વાંચી છે. કેટલાક આરોપીઓ પાકિસ્તાની નાગરિક પણ છે.

મહારાષ્ટ્ર સરકાર વતી, સોલિસિટર જનરલ મહેતાએ કહ્યું કે રાજ્ય નિર્દોષ જાહેર કરાયેલા લોકોને પાછા જેલમાં મોકલવાની માંગ કરી રહ્યું નથી, પરંતુ તેમણે ચિંતા વ્યક્ત કરી કે કેટલાક કાનૂની નિષ્કર્ષ પેન્ડિંગ MCOCA કેસોને અસર કરી શકે છે. એસજીએ કહ્યું કે કેટલાક આરોપીઓ પાકિસ્તાની નાગરિક છે. જસ્ટિસ એમએમ સુંદરેશએ એસજીનો દલીલ નોંધ્યો. તેમણે કહ્યું કે આ કેસની ગંભીરતા અને સરહદ પારના પરિમાણો દર્શાવે છે. મતલબ, સુપ્રીમ કોર્ટની ટિપ્પણીથી સ્પષ્ટ થાય છે કે જે લોકો જેલમાંથી બહાર આવ્યા છે તેમને ફરીથી જેલમાં મોકલવામાં આવશે નહીં. ૨૧ જુલાઈના રોજ, બોમ્બે હાઈકોર્ટે ૨૦૦૬માં મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ ટ્રેન બ્લાસ્ટ કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. ચુકાદો આપતી વખતે, કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ, એટલે કે સરકારી વકીલ, આરોપીઓ સામે કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. હાઈકોર્ટે કહ્યું કે એવું માનવું મુશ્કેલ છે કે આરોપીઓએ ગુનો કર્યો છે, તેથી તેમને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. જો તેઓ અન્ય કોઈ કેસમાં વોન્ટેડ ન હોય, તો તેમને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવા જોઈએ.

### ન્યૂઝ બ્રિફ

#### સતત 3 દિવસ સંસદ ઠપ રહેતા પ્રજાના રૂ. ૨૩ કરોડનો ધુમાડો

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪।

સોમવાર (૨૧મી જુલાઈ) થી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. જોકે, આ સત્ર શરૂ થયું ત્યારથી અત્યાર સુધી કોઈ જ મહત્ત્વનું કામકાજ નથી થઈ શક્યું. વિપક્ષ દ્વારા ઓપરેશન સિંદૂર, પહલગામ હુમલો, ટ્રમ્પના નિવેદનો સહિતના મુદ્દે ભારે હોબાળો થઈ રહ્યો છે. જેને પગલે સંસદની કાર્યવાહી ઠપ રહી છે, હાલમાં સંસદની કાર્યવાહીનો એક મિનિટનો ખર્ચ ૨.૫ લાખ રૂપિયા થઈ રહ્યો છે. દિવસના છ કલાક સુધી કાર્ય થવું જોઈએ. છેલ્લા ત્રણ દિવસમાં કોઈ જ કામ ના થતા કરદાતાઓના ૨૦થી ૨૩ કરોડ રૂપિયાનો ધુમાડો થઈ ગયો છે. ચોમાસું સત્રને બુધવારે (૨૩મી જુલાઈ) ત્રીજો દિવસ હતો, ત્રીજા દિવસે વિપક્ષે બિહારમાં મતદારોના વેરિફિકેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો. લોકસભા-રાજ્યસભામાં વિપક્ષે આ વેરિફિકેશનનો વિરોધ નોંધાવ્યો હતો અને વેલ સુધી ધસી ગયા હતા. અંતે સંસદની કાર્યવાહીને ટાળવી પડી હતી.

#### સ્મૃતિએ રાજકારણમાંથી નિવૃત્તિ અંગે પણ તોડ્યું મૌન

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪।

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર ખુલીને વાત કરી છે. તેમણે કહ્યું કે ગાંધી પરિવારે અનુકૂળ પરિસ્થિતિઓને કારણે કેરળના વાયનાડથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હતો. સ્મૃતિ ઈરાનીએ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પરથીરાહુલગાંધીનેહરાવ્યાહતા, પરંતુ ૨૦૨૪માં તેમને આ બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે સ્મૃતિ ઈરાનીને પૂછવામાં આવ્યું કે તેઓ હવે રાહુલ ગાંધી પ્રત્યે આક્રમક કેમ નથી, ત્યારે તેમણે કહ્યું, કારણ કે ગાંધી પરિવારે ૨૦૨૪માં મારી સામે લડવાનો ઈનકાર કર્યો હતો. ૨૦૨૪માં અમેઠીથી ચૂંટણી ન લડવાના રાહુલ ગાંધીના નિર્ણય પછી, કોઈ રાજકીય યુદ્ધ બાકી નથી. જો તેઓ યુદ્ધના મેદાનમાં પગ પણ નથી મુકી રહ્યા, તો હું શું કહી શકું? હું તેમની પાછળ ન પડી શકું. પૂર્વ સાંસદે કહ્યું કે, આપણે રાજકીય ઈતિહાસ વાંચ્યો છે, ઘણા મોટા નામો અમેઠીથી ચૂંટણી લડ્યા છે અને હારી ગયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિટનના બે દિવસના પ્રવાસે છે

## ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર

**આ કરાર હેઠળ ટેરિફમાં ઘટાડો થવાથી કપડાં, શૂઝ અને ખાદ્ય ઉત્પાદનોના ભાવ સસ્તા થશે : મોદી અને બ્રિટિશ પીએમ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા**

। (એજન્સી) લંડન, તા.૨૪ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિટનના બે દિવસના પ્રવાસે છે. આ દરમિયાન તેઓ લંડનમાં બ્રિટિશ પીએમ કીર સ્ટારમરને મળ્યા હતા. જ્યાં દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન, બંનેએ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કર્યા. જેનો ઉદ્દેશ્ય ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ના સંદર્ભમાં તેમની મુલાકાત ખૂબ જ મહત્વ પૂર્ણ માનવામાં આવે છે. પીએમ મોદી બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજાને મળશે. આ દરમિયાન પીએમ મોદી અને સ્ટારમર દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરવામાં આવી હતી બ્રિટિશ વડા પ્રધાન સ્ટારમરે જણાવ્યું હતું



કે તેઓ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે જે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે તે નોકરીઓ અને આર્થિક વિકાસ માટે એક મોટી જીત છે. આ કરાર હેઠળ ટેરિફમાં ઘટાડો થવાથી કપડાં, શૂઝ અને ખાદ્ય ઉત્પાદનોના ભાવ સસ્તા થશે. આ કરારથી દ્વિપક્ષીય વેપાર વાર્ષિક આશરે ૩૪ અબજ યુએસ ડોલર સુધી વધશે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે આ ઐતિહાસિક કરારને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. આ FTA જેને યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનના બહાર નીકળ્યા પછી સૌથી મહત્વપૂર્ણ આર્થિક દ્વિપક્ષીય વેપાર કરાર તરીકે વર્ણવવામાં આવી રહ્યો છે. તેના પર ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી બ્રિટનના બે દિવસના પ્રવાસે છે. તેમણે લંડનમાં બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરને મળ્યા હતા. ૬ મેના રોજ આ કરાર પર ભારત અને બ્રિટન વચ્ચે એક સહમતિ બની હતી. તેનો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં વેપારને $120 બિલિયન સુધી વધારવાનો છે. આ ઉપરાંત, તેમાં ભારતીય નિકાસ પર ૯૯% કર રાહત અને બ્રિટિશ ઉત્પાદનો પર ૯૦% ડ્યુટી ઘટાડો પણ શામેલ છે. અહેવાલ અનુસાર, બંને વડા પ્રધાનો "યુકે-ઈન્ડિયા વિઝન ૨૦૩૫" પણ લોન્ચ કરશે, જેનો ઉદ્દેશ્ય ઝડપથી બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં તેમની ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો છે. બ્રિટને કહ્યું કે ભારતીય ગ્રાહકોને સોફ્ટ ડ્રિંક્સ, કોસ્મેટિક્સ, કાર અને તબીબી ઉપકરણો જેવા શ્રેષ્ઠ બ્રિટિશ ઉત્પાદનોની વધુ સારી એક્સેસ મળશે.

મુંબઈમાં ચાલી રહી છે કાર્યવાહી

## ઉદ્યોગપતિ અનિલ અંબાણીની કંપનીઓ ઉપર EDના દરોડા

**આ દરોડા અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ મની લોન્ડ્રિંગ કેસ સાથે જોડાયેલા મામલામાં પાડવામાં આવ્યા**

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

ઉદ્યોગપતિ અનિલ અંબાણીની કંપનીઓ પર ઈન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ઈડી) એ દરોડા પાડ્યા છે. આ દરોડા અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ મની લોન્ડ્રિંગ કેસ સાથે જોડાયેલા મામલામાં મુંબઈમાં પાડવામાં આવ્યા છે.



ED ને તેની તપાસમાં પુરાવા મળ્યા છે કે આ જાહેર નાણાંની ઉચાપત કરવાનું એક સુનિયોજિત કાવતરું હતું. આમાં ઘણી સંસ્થાઓ, બેંકો, શેરધારકો અને રોકાણકારો છેતરાયા હતા. લાંચના એંગલની પણ તપાસ કરવામાં આવી રહી છે, જેમાં યસ બેંકના પ્રમોટરો પણ શંકાસ્પદ છે. ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન યસ બેંકમાંથી લેવામાં આવેલી લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયાની લોનમાં ગેરકાયદેસર હેરાફેરી અને દુરુપયોગની શંકા છે. અગાઉ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં અનિલ અંબાણીને છેતરપિંડી કરનાર જાહેર કર્યા હતા. આ મહિનાની શરૂઆતમાં, અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશનના લોન ખાતાને SBI તરફથી મોટો ફટકો પડ્યો હતો. SBIએ ડિસેમ્બર ૨૦૨૩, માર્ચ ૨૦૨૪ અને સપ્ટેમ્બર ૨૦૨૪માં કંપનીને કારણદર્શક નોટિસ મોકલી હતી. કંપનીના જવાબની સમીક્ષા કર્યા પછી, બેંકે કહ્યું હતું કે અનિલ અંબાણીની કંપનીએ તેની લોનની શરતોનું પાલન કર્યું નથી અને તેના ખાતાઓના સંચાલનમાં થતી અનિયમિતતાઓ વિશે સંપૂર્ણ માહિતી આપી નથી.

દુર્ઘટનામાં ૪૯ મુસાફરોના મોત

## હવામાં ગાયબ થયા બાદ અંગારા એરલાઇનનું વિમાન ક્રેશ થયું

। (એજન્સી) મોસ્કો, તા.૨૪ ।

રશિયાનું એક પેસેન્જર પ્લેન ગુરૂવારે લાપતા થઈ ગયું હતું, પરંતુ હવે સામે આવ્યું કે આ વિમાન ક્રેશ થઈ ગયું છે. રોયટર્સના રિપોર્ટ પ્રમાણે આ યાત્રી વિમાનમાં ૪૯ લોકો સવાર હતા.

દુર્ઘટનાને કારણે વિમાનમાં સવાર તમામ ૪૯ લોકોના મોત થયા છે. અંગારા એરલાયન્સની ફ્લાઈટ ચીનની સરહદ નજીક આવેલા અમૂર વિસ્તારના ટિંડા શહેર તરફ જઈ રહી હતી. પરંતુ વચ્ચે તેનો એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો હતો. હવે રશિયન મીડિયાએ દાવો કર્યો છે કે પ્લેનનો કાટમાળ મળ્યો છે.

રશિયન ન્યૂઝ એજન્સી ઈન્ટરફેક્સના રિપોર્ટ પ્રમાણે રશિયાનું છઠ-૨૪ પેસેન્જર પ્લેન ટિંડા એરપોર્ટ પર લેન્ડિંગના પ્રયાસમાં હતું, પરંતુ તેનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ રહ્યો. તો બીજા પ્રયાસ માટે આકાશમાં ચક્કર લગાવી રહ્યું હતું અને ત્યારબાદ લાપતા થઈ ગયું. સ્થાનીક ગવર્નર વાસિલી ઓરવોલે કહ્યુ કે શરૂઆતી આંકડા અનુસાર વિમાનમાં પાંચ બાળકો સહિત ૪૩ યાત્રી અને છ ક્રૂ સભ્યો સવાર હતા. વિમાન ક્રેશ બાધ બધાના મોત થયા છે.

ટિંડા એરપોર્ટના અધિકારીઓએ કહ્યું છે કે પાયલોટ બીજી વખત લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ તેની ભૂલ અંગે કંઈ કરી શકાય નહીં. અંગારા એરલાઈન્સનું આ વિમાન અચાનક રડાર પરથી ગાયબ થઈ ગયું. પ્રાદેશિક કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે એર ટ્રાફિક કંટ્રોલ



સાથે સંપર્ક તૂટી ગયાના થોડીવાર પછી, બચાવ ટીમે વિમાન દુર્ઘટના અંગે શંકા વ્યક્ત કરી હતી. તમને જણાવી દઈએ કે આ વિમાન બ્લાગોવેશેન્સ્કથી ટિંડા વચ્ચે લગભગ ૫૭૦ કિમીની ઉડાન ભરી રહ્યું હતું. વિમાનમાં છ ક્રૂ સભ્યો અને ૪૩ અન્ય મુસાફરો સવાર હતા. વિમાને તેની સામાન્ય ઉડાન શરૂ કરી હતી, પરંતુ અચાનક તેનો ATC (એર ટ્રાફિક કંટ્રોલ) સાથેનો સંપર્ક તૂટી ગયો. ATS સાથે સંપર્ક તૂટી ગયા પછી, વિમાનમાંથી કોઈ માહિતી મળી રહી ન હતી. આ પછી, વિમાનના રડાર પર પણ તેની સ્થિતિ દેખાતી ન હતી. કટોકટી સેવાઓ અનુસાર, વિમાન તેના ગંતવ્ય સ્થાનથી ઘણા કિલોમીટર પહેલા રડાર પરથી ગાયબ થઈ ગયું હતું. આ ઘટનાએ શોધ અને બચાવ કામગીરીને પડકારજનક બનાવી દીધી છે. જે વિસ્તારમાં આ અકસ્માત થયો તે મુખ્યત્વે બોરિયલ જંગલ (તાઈગા) થી ઘેરાયેલો છે.

ડોનાલ્ડ ટ્રમ્પનો ટેક કંપનીઓને કડક સંદેશ

## ટેક કંપનીઓને ચોખ્ખા શબ્દોમાં કહ્યું ભારતીયોને નોકરી ન આપો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વની મોટી-મોટી ટેક કંપનીઓને એક સંદેશ આપ્યો છે, જેમાં ભારત સહિત અન્ય દેશોમાંથી ભરતી કરવાની મનાઈ કરવામાં છે. આમાં ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવા નામોનો સમાવેશ થાય છે. બુધવારે વોશિંગ્ટનમાં આયોજિત છૈં સમિટ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી ટેક કંપનીઓને આ સંદેશ આપ્યો છે. સાથે જ તેઓએ અમેરિકી ટેલેન્ટની ભરતી કરવાની સલાહ પણ આપી છે.

અહીં તમારી જાણકારી માટે જણાવી દઈએ કે ભારતીયો વિશ્વની મોટી ટેક કંપનીઓમાં ઊંચી ઊંચી પોસ્ટ સુધી પહોંચી ગયા છે. ઘણા ભારતીય મૂળના લોકો CEOની પોસ્ટ સુધી પણ પહોંચી ચૂક્યાં છે. આમાં Googleના CEO સુંદર પિચાઈ અને માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલા જેવા નામો સામેલ છે. તાજેતરમાં જ મેટાએ પણ એક મોટી છૈં ટીમની ભરતી કરી છે, જેમાં ઘણા ભારતીય નામો સામેલ છે.

ડોનાલ્ડ ટ્રમ્પે છૈં સમિટ દરમિયાન ટેક ઈન્ડસ્ટ્રીમાં ગ્લોબલ માઈન્ડેસ્ટની ટીકા કરી. તેમણે આગળ જણાવ્યું કે, આના કારણે ઘણા અમેરિકી નાગરિકો અને અમેરિકી ટેલેન્ટ (પ્રતિભા)ને અવગણવામાં આવે છે. તેમણે દાવો કર્યો કે ઘણી ટોપ કંપનીઓ નફા માટે અમેરિકાની આઝાદીનો ફાયદો ઉઠાવી રહી છે અને બહારના લોકો પર મોટું રોકાણ કરી રહી છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે, ઘણી ટેક કંપનીઓ અમેરિકાની આઝાદીને કારણે તેમની ફેક્ટરીઓ ચીનમાં લગાવી રહી છે અને ભારતમાંથી કર્મચારીઓની ભરતી કરી રહી છે.


ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર અમેરિકા ફર્સ્ટ પોલિસીની યાદ અપાવી. તેમણે આગળ જણાવ્યું કે, AIની રેસમાં ન્યૂ સ્પિરિટની માંગ છે, સાથે જ રાષ્ટ્ર પ્રત્યેનો લગાવ જરૂરી છે. તેમણે કહ્યું કે, આપણને અમેરિકી કંપનીઓની જરૂર છે, જે અમેરિકામાં જ રહે અને અમેરિકા ફર્સ્ટ પોલિસીનું પાલન કરે. આ બધું તમારે કરવું જ પડશે. ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન જેવી કંપનીઓમાં ઘણા ભારતીયો છે, જેઓ પોતાની પ્રતિભા (ટેલેન્ટ)નો ઉપયોગ કરીને કંપનીઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી રહ્યા છે. ઘણા એન્જિનિયરો આમાં કામ કરે છે.

હિમાચલના મંડીમાં મોટી દુર્ઘટના

## સરકારી બસ ખીણમાં ખાબકી, ૫ના મોત, ૨૦થી વધુ ઈજાગ્રસ્ત

। (એજન્સી) મંડી, તા.૨૪ ।

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. જ્યા સરકાઘાટ વિસ્તારના તરાંગલામાં મુસાફરોથી ભરેલી HRTCની સરકારી બસ ખીણમાં ખાબકી હતી. જેમાં પાંચના મૃત્યુ નીપજ્યા છે, જ્યારે ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને બચાવની કામગીરી હાથ ધરી હતી. અહેવાલો અનુસાર, આજે (૨૪મી જુલાઈ) સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ સરકારી બસ સરકાઘાટથી જામની દુર્ગાપુર જઈ રહી હતી. આ દરમિયાન બસચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા તે તરાંગલા નજીક



ખીણમાં ખાબકી હતી. બસમાં કુલ ૨૦થી ૨૫ મુસાફરો હતા. આ દુર્ઘટથી અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોને ઘટનાસ્થળે પહોંચીને બચાવ અને રાહતના કાર્ય શરૂ કર્યું હતું. ત્યારબાદ પોલીસ અને વહીવટીતંત્રની ટીમ અકસ્માત સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

બન્યો વિશ્વનો પ્રથમ બેટર

## આયુષ મ્હાત્રે પૂર્વ ખેલાડીનો ૨૪ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમ વચ્ચે રમાયેલી બે મેચની યુવા ટેસ્ટ સીરિઝ પૂર્ણ થઈ છે. આ બંને મેચ ડ્રો રહી હતી, પરંતુ ભારતીય યુવા ખેલાડીઓએ જે રીતે પ્રદર્શન કર્યું તે જોઈને બધા ખુશ છે. સીરિઝની છેલ્લી મેચ ૨૦મી જુલાઈથી ૨૩મી જુલાઈ દરમિયાન ચેમ્સફોર્ડમાં રમાઈ હતી. જ્યાં ૧૮ વર્ષીય કેપ્ટન આયુષ મ્હાત્રેએ ટીમને જીત અપાવવા માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને એક ખાસ રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હતો. બે મેચની યુવા ટેસ્ટ સીરિઝમાં આયુષ મ્હાત્રે ૮૫ સરેરાશ અને ૧૦૩.૬૬ની સ્ટ્રાઈક રેટથી ૩૪૦ રન બનાવ્યા હતા.આ શાનદાર પ્રદર્શનથી તેમના નામે વર્લ્ડ રેકોર્ટ નોંધાયો છે. યુથ ટેસ્ટ સીરિઝમાં આયુષ મ્હાત્રે હવે ૧૦૦થી વધુના સ્ટ્રાઈક રેટથી ૩૦૦થી વધુ રન બનાવનાર વિશ્વનો પ્રથમ બેટર બન્યો છે. તેમણે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ અને ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન બ્રેન્ડન મેક્કુલમે ૨૪ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યા છે.

## મકરપુરા વિસ્તારમાં ૧૨ લારી ગલ્લામાં તોડફોડ અને ચોરી

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરાના મકરપુરા વિસ્તારમાં બરોડા ડેરી પાસે ૧૨ જેટલી લારીઓમાં ગઈ વહેલી સવારે તોડ-ફોડ બાદ ચોરી થઈ હોવા અંગેની અરજી મકરપુરા પોલીસ સ્ટેશનમાં આપવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા લારીઓ મુકવા ભાડા પેટે ચાર્જ દર મહિને લેવામાં આવે છે છતાં પણ હેરાન પરેશાન કરવામાં આવે છે આ બાબતે ૧૦૦ જેટલા વેપારીઓ - લારીઓ વાળાએ મ્યુનિસિપલ કોર્પોરેશન ખંડેરાવ માર્કેટ ખાતે કમિશનર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું. વડોદરા કોર્પોરેશન દ્વારા એક બાજુ લારી ગલ્લા ચલાવી પોતાનું ગુજરાન ચલાવનારાને લોન આપવામાં આવે છે જ્યારે બીજી બાજુ કોર્પોરેશન રોજબરોજ લારી ગલ્લા હટાવી પેનલ્ટી વસૂલ કરે છે.

## ગરબાડા પાટીયા પાસે કપાસ ભરેલો ટ્રક પુલ પરથી નીચે ઝોલ નદીમાં ખાબક્યો

। (એજન્સી) દાહોદ, તા.૨૪ ।

દાહોદના ગરબાડા પાટીયા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમા કપાસ ભરેલો એક ટ્રક ગરબાડા પાટીયા પાસે ઝોલ નદીમાં ખાબક્યો હતો. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. મળતી માહિતી પ્રમાણે આ ટ્રક મધ્યપ્રદેશથી કપાસ લઈને આવી રહ્યો હતો. જ્યારે આ ટ્રક ગરબાડા પાટીયા પાસે પહોંચે છે ત્યારેજ ટ્રકનો ચાલક અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી બેસે છે. સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક રોડ પરથી નીચે ઝોલ નદીમાં ખાબકી પડે છે. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓ પૈકી એક ઈસમને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા જ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવી હતી. અકસ્માતનો ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### આ ઘટના શાળાના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી

# મોરબીની શાળામાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે મારામારી: વિડિયો વાયરલ

### ગુરુ-શિષ્ય વચ્ચે છૂટા હાથે મારામારી થતાં અન્ય વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો

। (એજન્સી) મોરબી, તા.૨૪ ।

મોરબી નજીકના મહેન્દ્રનગર ગામમાં આવેલી તક્ષશિલા વિદ્યાલયમાં ચાલુ વર્ગમાં શિક્ષક અને ધોરણ ૧૨ના વિદ્યાર્થી વચ્ચે મારામારી થઈ હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. આ ઘટના શાળાના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

ગત ૧૭ જુલાઈએ ધો-૧૨માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી શાળાએ ગયો હતો. શાળાના શિક્ષક અને વાઈસ પ્રિન્સિપાલ દિનેશ ગોસાઈએ વિદ્યાર્થીને બે દિવસ પહેલાં ઈકોનોમિક્સના ટેસ્ટમાં ગેરહાજર રહેવા બાબતે પૂછ્યું હતું. વિદ્યાર્થીએ પોતાની તબિયત સારી ન હોવાનું જણાવ્યું હતું.

જોકે, વાલી તરફથી જાણ કેમ ન કરવામાં આવી તેવું પૂછતાં વિદ્યાર્થીએ આપેલા જવાબથી શિક્ષક ઉશ્કેરાઈ ગયા હતા અને વિદ્યાર્થીને બેન્ચ પરથી ઊભો કરીને થપ્પડ મારી હતી. ત્યારબાદ વિદ્યાર્થીએ પણ ગુસ્સો ગુમાવી શિક્ષક પર હાથ ઉપાડ્યો હતો, જેના કારણે મામલો વધુ ગરમાયો હતો.આ ઘટના બાદ વર્ગખંડમાં ગુરુ-શિષ્ય વચ્ચે છૂટા હાથે મારામારી થતાં અન્ય વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. વર્ગમાં હાજર અન્ય વિદ્યાર્થીઓએ વચ્ચે પડીને બંનેને છોડાવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીના વાલીને બોલાવીને માફી મંગાવવામાં આવી હતી અને વિદ્યાર્થીને શાળામાંથી એલસી (લિવીંગ સર્ટિફિકેટ) આપી દેવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિષયના શિક્ષક દિનેશભાઈ ગોસાઈએ મીડિયાને જણાવ્યું હતું કે, તેઓ ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રનો ક્લાસ લઈ રહ્યા હતા. તે દરમિયાન આ વિદ્યાર્થી અર્થશાસ્ત્રના ટેસ્ટમાં ગેરહાજર હતો. આ બાબતે તેની સાથે વાત કરતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને એક થપ્પડ મારી હતી, જેના પછી તેણે તેમના પર હુમલો કર્યો હતો. અન્ય વિદ્યાર્થીઓએ વચ્ચે પડીને તેમને બચાવ્યા હતા.

### બેંક મેનેજર, એજન્ટ સહિત સાતની ધરપકડ

# દાહોદની પ્રતિષ્ઠિત એસબીઆઇ બેન્કમાં લોન ગોટાળાનો ભાંડાફોડ

### બનાવટી દસ્તાવેજોના આધારે લોન પાસ કરાવતા એજન્ટો અને બેંક મેનેજરો વચ્ચે ભાગબટાઇ

। (એજન્સી) દાહોદ, તા.૨૪ ।

દાહોદમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત અને સુરક્ષિત ગણાતી સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયામાંથી લોન કૌભાંડ સામે આવ્યું છે. જેમાં સ્ટેટ બેન્કની બે અલગ અલગ બ્રાન્ચમાં એજન્ટોએ અગાઉના બેંક મેનેજર સાથે મળી બોગસ પગાર સ્લીપ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે બેંકના તમામ નીતિ નિયમોને નેવે મૂકી ૫.૦૫ કરોડ રૂપિયાની લોન આપી છેતરપિંડી કર્યા હોવાનું બેંકની ઓડિટ રિપોર્ટમાં સામે આવ્યું છે.આ મામલે બેંક મેનેજર દ્વારા ફરિયાદ નોંધાતા પોલીસે હાલ બેંક મેનેજર, એજન્ટો સહિત ૩૦ જેટલા લોકો સામે નામજોગ ગુનો દાખલ કરી બંને બ્રાન્ચના મેનેજર, બે એજન્ટો તેમજ ત્રણ લોનધારકો મળી કુલ સાત લોકોની ધરપકડ કરતાં દાહોદ શહેર સહિત જિલ્લાભરમાં ખળભળાટ મચી ગયો છે.દાહોદમાં એક પછી એક કૌભાંડ સામે આવતા જિલ્લાનું નામ રાજ્ય લેવલે નહીં પણ રાષ્ટ્રીય સ્તરે કલંકિત થઈ રહ્યું છે.

ખાસ કરીને ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચેના સમયગાળામાં મેઈન બ્રાન્ચના મેનેજર ગુરમિતસિંહ પ્રેમસિંહ બેદીએ એજન્ટ સંજય ડામોર (દાહોદ) અને ફઈમ શેખ (સુરત) સાથે મળીને રેલવેમાં વર્ગ ૪માં નોકરી કરતા કર્મચારીઓને ઓછા પગાર હોવા છતાં બનાવટી પગાર સ્લીપ દ્વારા વધારે પગાર દર્શાવી ૧૯ લોકોને ૪.૭૭ કરોડની લોન આપી.

તે જ રીતે ઇન્દ્ર ટાવર આવેલી બીજી એસબીઆઈ બ્રાન્ચના મેનેજર મનીષ વામનરાવ ગવલેએ એજન્ટો સાથે મળી ૧૦ જેટલા લોકોને ઓફ પેપર શિક્ષક અને GRTC કર્મચારી બતાવી ૮૨.૭૨ લાખની લોન મંજૂર કરી.પકડાયેલા એજન્ટો લોન માગતા ગ્રાહકોને બોગસ દસ્તાવેજ તૈયાર કરાવી લોન અપાવતાં અને બાદમાં કમિશન પેટે લોન રકમમાંથી હિસ્સો લેતાં હતા. એમાંથી એક ભાગ બેંક મેનેજર સુધી પહોંચાડાતો હોવાનું બહાર આવ્યું છે.

# અંબાજીમાં મોહનથાળ પ્રસાદને ઈટ રાઈટ પ્રસાદ પ્રમાણપત્ર એનાયત

### ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા અંબાજી મંદિરને ઈટ રાઈટ પ્રસાદ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે

। (એજન્સી) અંબાજી, તા.૨૪ ।

અંબાજી મંદિરમાં વર્ષે ૧.૨૫ કરોડ મોહનથાળ પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે, જેને હવે હૃજીજીછૈં દ્વારા "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર મળ્યું છે. આ સિદ્ધિ મંદિરના પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતાનું પ્રતિબિંબ છે. યાત્રાધામ અંબાજી વિશ્વભરના શક્તિ ઉપાસકોની આસ્થાનું કેન્દ્ર છે. જ્યાં અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળ પ્રસાદ બનાવી વેચાણ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન લગભગ ૧ કરોડ ૨૫ લાખ જેટલા મોહનથાળ પ્રસાદનું વેચાણ કરવામાં આવે છે. ખાસ આ પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતાને સહિતના તમામ માપદંડોને આધારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અંબાજી મંદિરને "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકોને આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતા તથા મંદિરના ખાદ્ય વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ કામગીરીનું પ્રતિબિંબ છે. ખાસ કરીને આ સફળતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીના વહીવટદાર અને અધિક કલેકટર કૌશિક મોદીના માર્ગદર્શન અને મહા મહેનતનું પરિણામ છે. નોંધનીય છે કે, ધાર્મિક સ્થળોએ જેમણે પ્રસાદ તૈયાર કરવો અને વિતરણ કરતી વખતે ફૂડ સેફ્ટી, સ્વચ્છતા અને ગુણવત્તાના કડક માપદંડો અનુસર્યા હોય તેમને જ "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર આપવામાં આવે છે.

### બિસ્માર રોડને લઈ થાળી વગાડીને ઉગ્ર વિરોધ

# આપના કાર્યકરો અને પોલીસ કર્મીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું

### બિસ્માર રોડને લઈને ભાવનગર મહાનગરપાલિકા ખાતે આમ આદમી પાર્ટી અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું

। (એજન્સી) ભાવનગર, તા.૨૪ ।

ભાવનગર શહેરના બિસ્માર રોડને લઈને ભાવનગર મહાનગર પાલિકા ખાતે આમ આદમી પાર્ટી અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું. આપના કાર્યકરો મોટી સંખ્યામાં ભેગા થઈને બિસ્માર રોડની રજૂઆત કરવા માટે મહાનગરપાલિકાની કચેરીએ પહોંચ્યા હતા, પરંતુ મહાનગરપાલિકા કચેરીમાં તેમને પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. જેને લઈ મામલો ગરમાયો હતો. આપના કાર્યકરોને કચેરીમાં પ્રવેશ ન મળતા તેમણે સુત્રોચ્ચાર કરીને હોબાળો મચાવી મનપાની કચેરી બહાર થાળી વગાડીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતા તંત્ર દ્વારા નિલમબાગ પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ પોલીસે મનપા કચેરી પહોંચીને આપના કાર્યકરોને રોકવાના પ્રયાસ કર્યા હતા. જેમા આપના કાર્યકરો અને પોલીસ કર્મીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. પરિણામે નિલમબાગ પોલીસ દ્વારા આમ આદમી પાર્ટીના કેટલાક આગેવાનો અને કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. શહેરના ખરાબ રસ્તાઓના કારણે ઘણાં સમયથી સ્થાનિકોમાં રોષ જોવા મળતો હતો. જેને કારણે આપ દ્વારા ભાવનગર મનપા સમક્ષ આ મુદ્દાને રજૂ કરવા જતાં મામલો બિચક્યો હતો.આપના કાર્યકરો દ્વારા તરસમિયા વિસ્તારના ખરાબ રોડ-રસ્તાને લઈ ભાવનગરના મનપા કમિશનર અને મેયર સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા હતા. પરંતુ જ્યારે તેમનો વિરોધ ઉગ્ર બને છે ત્યારે મનપાના કર્મચારીઓ દ્વારા પોલીસને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. હવે જોવું રહ્યું કે મનપા આ વિરોધ બાદ ક્યારે જાગશે અને રોડ-રસ્તાઓનું સમારકામ ક્યારે શરૂ થશે? આ બિસ્માર રોડ-રસ્તાને લઈ સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

## આરટીઓના અધિકૃત ઓનલાઈન પોર્ટલ પરથી ચલણ ભરો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યના વાહન ચાલકોએ સાયબર ફ્રોડથી બચવા RTO દ્વારા આપવામાં આવતા ચલણની ઓનલાઈન ભરપાઈ વાહન વ્યવહાર કમિશનર કચેરીની અધિકૃત વેબસાઈટના 'e-challan' પોર્ટલ https://echallan.parivahan.gov.in/index/accused-challan પર જઈને જ ભરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં, RTO દ્વારા આપવામાં આવતા વાહનના ચલણની ઓનલાઈન ભરપાઈ માટે રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે કોઈ લિંક મોકલવામાં આવતી નથી. જો કોઈ સોશિયલ મીડિયા માધ્યમ, થર્ડ પાર્ટી એપ્લિકેશન અથવા અનઅધિકૃત મેસેજ મારફતે વાહનના ચલણ ભરવાની લિંક આવે તો તેને ઓપન ન કરવી. આમ, થોડી સાવધાની રાખવાથી સાયબર ફ્રોડનો ભોગ બનવાથી બચી શકાય છે, તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# બાકી નાણાંની વસુલાત માટે ધમકી આપનાર વ્યાજખોર સામે વેપારીએ ફરિયાદ દાખલ કરી

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના આજવા નિમેટા રોડ ખાતે રહેતા ૩૩ વર્ષીય વિવેક પટેલ સીસીટીવી કેમેરા સર્વિસનો વ્યવસાય કરે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, મે વર્ષ ૨૦૧૯ - ૨૦માં એક સંસ્થામાં કામ કરતો હતો તે સમયે મારા મિત્ર વિજય નાગજીભાઈ ભરવાડ મારફતે તેમના ભાઈ શૈલેષભાઈ નાગજીભાઈ ભરવાડ (રહે- ભક્તિનગર, ભરવાડવાસ, આમોદર) સાથે મિત્રતા થઈ હતી. શૈલેષ ભરવાડ નેશનલ હાઈવે નં. ૪૮ વાઘોડિયા ચોકડી ઉપર પાન પાર્લરનો વ્યવસાય કરે છે. તે વ્યાજથી નાણાં આપતો હોય વર્ષ ૨૦૨૨ માં મને નાણાની જરૂરિયાત ઉદ્ભવતા ૧૦ ટકાના વ્યાજથી રૂ.૫ હજાર લીધા હતા. જે બે- ત્રણ મહિનામાં પરત આપી દીધા હતા. ત્યારબાદ ટુકડે ટુકડે લીધેલ રકમ વ્યાજ સહિત રૂ. ૬,૧૧,૯૦૦ ચૂકવી દીધા હતા. વર્ષ ૨૦૨૩માં ઓનલાઈન તથા રોકડા મળી કુલ રૂ. ૭,૬૯,૯૦૦ લીધા હોય વ્યાજ સાથે રૂ. ૧૪,૩૦,૨૧૦ ચૂકવ્યા હતા. વર્ષ ૨૦૨૪માં શૈલેષ ભરવાડે હજુ રૂ. ત્રણ લાખ મૂડી બાકી છે તેમ કહી ઉઘરાણી શરૂ કરી હતી. મને સિંગાપુર જવાનું હોવાથી નાણાંની જરૂરિયાત ઉદ્ભવતા મારી કાર તેની પાસે ગીરવે રાખી ૬ ટકાના વ્યાજે રૂ.૧૦ લાખની રકમ રોકડેથી લીધી હતી. સિંગાપુર જવામાં મારી સાથે છેતરપિંડી થતા પરત આવ્યો હતો. જેથી મારી ઉપર મોટું દેવું થઈ જતા આવકનું હાલ કોઈ સાધન ન હોય જેથી વ્યાજ આપી શકાય તેમ ન હોવ ટુકડે ટુકડે મૂડી આપવા જણાવતા શૈલેષે હા પાડી હતી. વર્ષ ૨૦૨૪ના ઓક્ટોબર મહિનામાં શૈલેષ ભરવાડે મને તેના ગલ્લે બોલાવી બાકી રૂપિયા માટે ધમકી આપી હતી કે, હું જ્યારે ફોન કરું ત્યારે રિસીવ કરવાનો નહીં તો મારી પાસે ઘણા માથાભારે માણસો છે ગમે ત્યારે ઉઠાવી લઈશ. જેથી મેં કહ્યું હતું કે, મારું લુણાવાડા ખાતે મકાન આવેલ હોય તેની ઉપર લોન લઈ તમારા રૂપિયા ચૂકવી આપીશ. પરંતુ હાલમાં તે મકાન ઉપર લોન બાકી પડતી હોય રૂ. ૩.૫૦ લાખ આપો તો તે ચૂકવી નવી લોન કરી તમારું દેવું ચૂકતે કરી દઉં. આ માટે શૈલેષ ભરવાડ સહમત થયા બાદ રકમ આપી ન હતી. ગત તા. ૧૭/૦૩/૨૦૨૫ના રોજ મને વૃંદાવન ચાર રસ્તા પાસે આવેલ એડવોકેટની ઓફિસે બોલાવી પાછલો હિસાબ ચૂકતે થઈ ગયો છે કાર પરત આપી દઈશું તેમ જણાવી રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર રૂ.૧૪ લાખ લીધા છે અને છ મહિનાની અંદર ચૂકવી આપવાની શરતે સિક્યુરિટી પેટે બે કોરા ચેક લઈ કરારનામું કર્યું હતું.

## ભારે પવન ફૂંકાવાના કારણે ગિરનાર રોપ-વે સેવા બંધ કરાઈ

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૪ ।

જૂનાગઢમાં ભારે પવન ફૂંકાવાના કારણે ગિરનાર રોપ-વે બંધ કરાયો છે, ખરાબ વાતાવરણ અને પવનના કારણે ગિરનાર રોપ-વે બંધ કરાયો હોવાની વાત સામે આવી છે, વરસાદના સમયે અને શિયાળાના સમય દરમિયાન જ્યારે ભારે પવન ફૂંકાતો હોય છે ત્યારે રોપ-વે સેવા બંધ કરવામાં આવે છે, વાતાવરણ સ્વચ્છ થયા બાદ રોપ-વે સેવા ફરી કરાશે શરૂ અને રોપ-વે સેવા બંધ થતા અનેક પ્રવાસીઓને પડી રહી છે મુશ્કેલી. વરસાદની સાથે તેજ ગતિથી પવન પણ ફૂંકાઈ રહ્યા છે. સાથે ગિરનારના જંગલમાં પણ છેલ્લા ચાર દિવસથી પવની ઝડપ વધી રહી છે જેના કારણે રોપ-વેનું સંચાલન બંધ કરાયું છે.

### મોટાભાગના જિલ્લાઓમાં એલર્ટ

# ગુજરાતમાં ફરી ધોધમાર વરસાદની આગાહી, ૬ દિવસ મેઘો મંડાશે

### ૨૭-૨૮ જુલાઈના રોજ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદને લઈને હવામાન વિભાગે યલો-એલર્ટ જાહેર કર્યુ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી માહોલ છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૯ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જેમાં ૨૭-૨૮ જુલાઈના રોજ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદને લઈને હવામાન વિભાગે યલો-એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૪-૨૫ જુલાઈના રોજ છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે ૨૬ જુલાઈએ અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, છોટા ઉદેપુર, પંચમહાલ, મહીસાગર, દાહોદ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. ૨૭ જુલાઈએ દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર જિલ્લામાં ગાજવીજ સાથે અતિભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને ૨૩ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. જેમાં રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, ભાવનગર, ખેડા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી ૨૮ જુલાઈના રોજ ૨૭ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણામાં ઑરેન્જ ઍલર્ટ અને કચ્છ, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ, આણંદ, ખેડા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

## વિશેષ

### સૌને સાથે મળીને ઉજવણીમાં સહભાગી થવાનો અનુરોધ કરતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા

# મહુવા સુગર ફેક્ટરી ખાતે યોજાનાર વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સંદર્ભે મહુવાના ધારાસભ્ય મોહનભાઇ ઢોડીયાના અધ્યક્ષતામાં બેઠક મળી





। (માહિતી) સુરત ।

રાજ્યના આદિવાસી સમાજને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૯મી ઓગષ્ટ- વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી મહુવા તાલુકાની મહુવા સુગર ફેકટરી ખાતે કરવામાં આવનાર છે, જેના આયોજન અને અમલવારી સંદર્ભે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયા, માંડવી પ્રાયોજના વહીવટદાર તથા પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. મહુવા તાલુકા પંચાયત ખાતે યોજાયેલી બેઠકમાં ધારાસભ્યશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના ભવ્ય ઈતિહાસ અને ગૌરવવંતી સંસ્કૃતિ, પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવાના પ્રયત્નના ભાગરૂપે ઉજવણી કરવામાં આવે છે, ત્યારે મહુવા તાલુકાના સૌ કોઈને આ દિવસની ઉજવણીમાં સહભાગી થવાનો અનુરોધ કર્યો હતો. માંડવીના પ્રાયોજના વહીવટદારશ્રી સુનિલે કાર્યક્રમના આયોજન અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓને મંડપ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, લાઈવ પ્રસારણ, એલ.ઈ.ડી.ની વ્યવસ્થા, સાંસ્કૃતિક કૃતિઓ, વૃક્ષોરોપણ સહિતની વ્યવસ્થાઓ સુચારૂ રીતે થાય તે માટે સૂચનાઓ આપી હતી. સ્થાનિક પદાધિકારીઓ અને આદિવાસી અગ્રણીઓને જનમેદની સાથે ઉપસ્થિત રહીને ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવાનો સૌને અનુરોધ કર્યો હતો. બેઠકમાં બારડોલી પ્રાંત અધિકારી જિજ્ઞાબેન પરમારે 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણીની પૂર્વતૈયારી, આદિજાતિ વિસ્તારમાંથી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી, કલાકાર, રમતવીરો, આદિજાતિ ખેડૂતોનું સન્માન, વિવિધ યોજનાના લાભાર્થીઓને એસેટ-પ્રમાણપત્ર વિતરણ અંગે પણ જરૂરી સૂચનાઓ આપી હતી. આદિવાસી દિવસની ઉજવણીમાં જનભાગીદારી સાથે લોકો જોડાય તે માટે સૌ વિભાગોને કાર્ય કરવા જણાવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ન્યૂઝ બ્રિફ

## ચૂંટણી પંચ બચી જશે તેવા ભ્રમમાં ન રહે, મારી પાસે પાક્કા પૂરાવા છે : રાહુલ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો આરોપ છે કે ચૂંટણી પંચના અધિકારી અને સત્તા પક્ષની મિલીભગતથી ચૂંટણીની ચોરી કરવામાં આવે છે. રાહુલ ગાંધી અગાઉ પણ આવા આરોપ લગાવી ચૂક્યા છે, હવે તેમનો દાવો છે કે તેમની પાસે પાક્કા પૂરાવા છે અને તેઓ કોઈને છોડશે નહીં. સંસદ ભવનમાં પત્રકારો સાથે વાતચીતમાં રાહુલ ગાંધીએ કહ્યું છે, કે ચૂંટણી પંચ બિલકુલ ભ્રમમાં ન રહે. લોકશાહી અને બંધારણને ખતમ કરવાના પ્રયાસ કરનારાઓને અમે છોડીશું નહીં. ચૂંટણી પંચ પોતાની જવાબદારી નિભાવી નથી રહ્યું. ચૂંટણી ચોરી કરવા ચૂંટણી પંચે જે પેંતરા અપનાવ્યાં તેના પાક્કા પૂરાવા છે મારી પાસે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું, કે હજુ તો માત્ર એક મતવિસ્તાર પર નજર નાંખી અને આ બધુ સામે આવી ગયું. મને ભરોસો છે કે ભારતના તમામ મતવિસ્તારોમાં આ જ બધા નાટક ચાલુ છે. હજારો મતદારો ઉમેરાયા તેમની ઉંમર શું છે? ૪૫, ૫૦, ૬૦, ૬૫. એક જ મતવિસ્તારમાં હજારો મતદારો ઉમેરાયા.

## લોકેશ રાહુલે ઈંગ્લેન્ડની ધરતી ઉપર ૧૦૦૦ રન પૂરા કયા



। (એજન્સી) માન્ચેસ્ટર, તા.૨૪ ।

માન્ચેસ્ટરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ચોથી ટેસ્ટ મેચમાં લોકેશ રાહુલે ફરી એક વખત ટીમ ઈન્ડિયાને સારી શરૂઆત અપાવી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટૉકસે ટોસ જીત્યો અને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. ફરી એક વખત ટોસ હાર્યા બાદ બેટિંગમાં ઉતરેલી ટીમ ઈન્ડિયાએ મક્કમ શરૂઆત કરી હતી. પ્રથમ ઈનિંગમાં પ્રથમ સેશનમાં ટીમે ૨૬ ઓવર્સમાં વિના વિકેટે ૭૮ રન બનાવ્યા હતા. આ મેચમાં લોકેશ રાહુલે એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. બેટિંગમાં ૧૫ રન પૂરા કરતાંની સાથે જ તેણે ઈંગ્લેન્ડની ધરતી પર ૧૦૦૦ રન પૂરા કર્યા હતા. આ યાદીમાં સ્થાન મેળવનારો તે પાંચમો ભારતીય ક્રિકેટર બન્યો હતો. અગાઉ સચિન (૧૫૭૫), દ્રવિડ (૧૩૭૬), ગાવસ્કર (૧૧૫૨) અને કોહલી (૧૦૯૬) આ પ્રકારની સિદ્ધિ મેળવી ચૂક્યા છે. કે. એલ. રાહુલ ઓપનર તરીકે વિદેશની ધરતી પર ૧૦૦૦થી વધુ રન બનાવનારો માત્ર બીજો ભારતીય બેટર છે. અગાઉ સુનિલ ગાવસ્કરે ઓપનર તરીકે વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ અને પાકિસ્તાનમાં અનુક્રમે ૧૪૦૪, ૧૧૫૨ અને ૧૦૦૧ રન બનાવ્યા હતા. હવે ઈંગ્લેન્ડની ધરતી પર લોકેશ રાહુલે પણ ૧૦૦૦ રન પૂરા કર્યા છે.

### ECBએ કાર્યક્રમ જાહેર કર્યો

# ટેસ્ટ બાદ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે T20 અને ODI સીરિઝ પણ રમાશે

### બંને દેશો વચ્ચે આગામી વર્ષનો ક્રિકેટ કાર્યક્રમ જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે હાલ પાંચ ટેસ્ટ મેચની સિરીઝની રમાઈ રહી છે. પ્રથમ અને ત્રીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે જીત મેળવી છે, જ્યારે બીજી ટેસ્ટ મેચમાં ભારતનો વિજય થયો છે. હાલ બંને દેશો વચ્ચે ચોથી ટેસ્ટ મેચ રમાઈ રહી છે, ત્યારે ક્રિકેટના ચાહકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB)એ બંને દેશો વચ્ચે ટેસ્ટ મેચ બાદ T20 અને વન-ડે સીરિઝ પણ રમાડવાની જાહેરાત કરી છે.ઈસીબીની ગુરુવારે (૨૪ જુલાઈ) સત્તાવાર જાહેર કરી છે કે, ભારત-ઈંગ્લેન્ડ આગામી વર્ષે જુલાઈમાં પાંચ ટી૨૦ મેચ અને ત્રણ વન-ડે સિરીઝ રમશે. હાલ ભારત ઈંગ્લેન્ડમાં ટેસ્ટ મેચો રમી રહી છે, જ્યારે આગામી વર્ષે પણ ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ નિર્ધારીત કરાયો છે. બંને દેશો વચ્ચે ૧થી ૧૧ જુલાઈ-૨૦૨૬ સુધી ટી૨૦ સિરીઝની પાંચ મેચો રમાશે, ત્યારબાદ ૧૪થી ૧૯ જુલાઈ વચ્ચે ત્રણ વન-ડે મેચ પણ રમાશે.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો ૨૦ મેચ સીરિઝનો શેડ્યૂલ
પહેલી મેચ- ૧ જુલાઈ, બેંક હોમ રિવરસાઈડ, ડરહામ
બીજી મેચ- ૪ જુલાઈ, ઓલ્ડ ટ્રેફોર્ડ, માન્ચેસ્ટર
ત્રીજી મેચ- ૭ જુલાઈ, ટ્રેન્ટ બ્રિજ, નોટિંગહામ
ચોથી મેચ- ૯ જુલાઈ, સીટ યુનિક સ્ટેડિયમ, બ્રિસ્ટોલ
પાંચમી મેચ- ૧૧ જુલાઈ, યુટિલિટા બાઉલ, સાઉધમ્પ્ટન
ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો વન-ડે મેચ સીરિઝનો શેડ્યૂલ
ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો વન-ડે મેચ સીરિઝનો શેડ્યૂલ
પહેલી મેચ- ૧૪ જુલાઈ; એજબેસ્ટન, બર્મિંગહામ
બીજી મેચ- ૧૬ જુલાઈ; સોફિયા ગાર્ડન્સ, કાર્ડિફ
ત્રીજી મેચ- ૧૯ જુલાઈ; લોર્ડ્સ, લંડન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલ પાંચ ટેસ્ટ મેચની સીરિઝ રમાઈ રહી છે, જેમાં ઈંગ્લેન્ડ ૨-૧થી આગલ છે. હાલ બંને દેશો ૨૪ જુલાઈથી માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટ મેચ રહી છે. જ્યારે છેલ્લી ટેસ્ટ મેચ ૩૧ જુલાઈથી ચોથી ઓગસ્ટ વચ્ચે રમાશે.


### દીવાલો પર લખ્યા ઉશ્કેરણીજનક મેસેજ

# ઓસ્ટ્રેલિયામાં સ્વામિનારાયણ મંદિર ઉપર હુમલાની ઘટના

### હિન્દુ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયાએ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૪ ।

ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં BAPS સ્વામિનારાયણ મંદિર પર હુમલાની ઘટના સામે આવી છે. માહિતી અનુસાર ગુરુવારે સવારે મેલબોર્નના મિલ પાર્કમાત BAPS સ્વામિનારાયણ મંદિર પર હુમલો કરતાં ખાલિસ્તાન સમર્થકોએ તોડફોડ કરી હતી. આ સાથે મંદિરની દીવાલો પર ઉશ્કેરણીજનક મેસેજ પણ લખ્યા હતા. ખાલિસ્તાની સમર્થકોએ જરનૈલ સિંહ ભિંદરાનવાલેને શહીદ ગણાવ્યા અને મંદિરની દીવાલો પર તેની પ્રસંશા કરતા મેસેજ લખ્યા હતા. આ સાથે ભારત અને મોદી સરકાર વિરોધી સૂત્રો પણ લખ્યા હતા. હિન્દુ કાઉન્સિલ ઓફ



ઑસ્ટ્રેલિયાના પ્રમુખ મકરંદ ભાગવતે આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, આ મંદિર શાંતિ, ભક્તિ અને એકતાનું પ્રતીક છે. એવામાં આવી ઘટના આપ ણી ધાર્મિક સ્વતંત્રતા અને ઓળખ પર હુમલા સમાન છે. જોકે વિક્ટોરિયાના મુખ્યમંત્રી જેસિન્ટા એલને હજુ સુધી આ ઘટનાની જાહેરમાં ટીકા કરી નથી. તેમના કાર્યાલયે મંદિર મેનેજમેન્ટને એક વ્યક્તિગત મેસેજ મોકલ્યો હતો. તેમણે આ હુમલાને દ્વેષજનક અને ભય ફેલાવનાર કૃત્ય ગણાવ્યું હતું. એલને કહ્યું કે, વિક્ટોરિયા પોલીસ આ મામલાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં કેનેડાના ટોરેન્ટોમાં સ્વામિનારાયણ મંદિરની દીવાલો પર પણ ખાલિસ્તાન તરફી નારા લખવામાં આવ્યા હતા. ભારતીય હાઈ કમિશને આ ઘટનાનો સખત વિરોધ કર્યો હતો. તેમજ બ્રિટનના લેસ્ટર શહેરમાં કેટલાક અજાણ્યા લોકોએ શિવ મંદિકરમાં ઘૂસીને તોડફોડ કરી હતી અને ધજાને નીચે ઉતારી દીધી હતી. અત્યાર સુધીમાં વિશ્વભરમાં હિન્દુ ધર્મ વિરુદ્ધ આવી ૧૦૦થી વધુ ઘટનાઓ બની ચૂકી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુનાઇટેડ કિંગડમના વડાપ્રધાન કીર સ્ટારમર લંડન, ઇંગ્લેન્ડમાં 'બકિંગહામ સ્ટ્રીટ ક્રિકેટ હબ'ના સભ્યો સાથે વાતચીત કરતા નજરે પડે છે.

### જયદીપ પાસેથી બાળકોના ગંદા વિડીયો મળી આવ્યા

## અમેરિકામાં બાળકોની હોસ્પિટલમાં કામ કરતા ગુજરાતીની ધરપકડ થઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

એરિઝોનાની ફિનિક્સ ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં બિહેવિયરલ હેલ્થ ટેકનિશિયન તરીકે કામ કરી ચૂકેલા જયદીપ પટેલ નામના એક ૩૧ વર્ષીય ગુજરાતીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જયદીપ પાસેથી બાળકોના ગંદા વિડીયો મળી આવ્યા હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું છે અને આ મામલે તેને જુલાઈ ૧૭ના રોજ અરેસ્ટ કરવામાં આવ્યો હતો.

કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડ દ્વારા અપાયેલી માહિતીના આધારે પોલીસે ઘણા સમયથી જયદીપ પટેલ પર વૉચ રાખવાનું શરૂ કર્યું હતું. તેના પર જાતિય સતામણીના કુલ નવ ચાર્જ લગાડવામાં આવ્યા છે અને તે તમામ ક્લાસ ૨ ફેલોની ચાર્જિસ છે. લોકલ મીડિયાના રિપોર્ટ્સ અનુસાર જયદીપ પર લગાવાયેલા તમામ ચાર્જિસમાં ત્રણથી ૧૨ વર્ષની સજા થઈ શકે છે.

આ મામલો બહાર આવતા ફિનિક્સ હોસ્પિટલે એવી સ્પષ્ટતા કરી હતી કે આરોપી હાલ હોસ્પિટલમાં જોબ નથી કરતો તેમજ પેશન્ટ્સની સેફ્ટી તેની ટોપ પ્રાયોરિટી છે અને હોસ્પિટલ તપાસમાં તમામ સહકાર આપી રહી છે. જયદીપ કઈ રીતે પકડાયો તે અંગે કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સમાં જણાવાયું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરે એક સબસ્ક્રાઈબર બે ડઝન જેટલી ગંદા વિડીયોની ફાઈલનું પઝેશન ધરાવતો હોવાની ફિનિક્સ પોલીસને બાતમી આપી હતી અને આ સબસ્ક્રાઈબરની ઓળખ જયદીપ પટેલ તરીકે કરવામાં આવી હતી.

લાંબી તપાસ બાદ લોકલ પોલીસે સર્ચ વૉરન્ટના આધારે જયદીપના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર, ઈમેલ અકાઉન્ટ્સ અને સેલ ફોન નંબરના રેકોર્ડની તપાસ શરૂ કરી હતી અને તેમાં જ આરોપીની આ કરતૂતોનો ભાંડો ફુટ્યો હતો. પોલીસે જયદીપની ચેટ્સના રેકોર્ડ્સ પણ મેળવ્યા હતા જેમાં તેણે પોતાનો ફોન નંબર આપવા ઉપરાંત લોકેશન અને ફિઝિકલ ડિસ્ક્રિપ્શન પણ આપ્યું હતું જેની સાથે પોતે ક્યાં જોબ કરે છે તે તેની માહિતી પણ તેણે ચેટ પર આપી હતી. એટલું જ નહીં, તે જેમની સાથે ચેટ કરતો હતો તેમને પણ આવું મટિરિયલ શેર કરવા જણાવતો હતો. પોલીસે જયદીપના સોશિયલ મીડિયા અકાઉન્ટમાંથી નવ વિડીયો ફાઈલ રિકવર કરી હતી જેમાં કેટલીક અંડરએજ છોકરીઓ વાંધાજનક હરકતો કરતા દેખાતી હતી. આ સિવાય તેની પાસેથી ૧૨૦૦ જેટલા ગંદા ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જયદીપ પટેલ મિસૌરી એવેન્યૂના ૧૦૨ એવન્યૂમાં રહે છે. તેને અરેસ્ટ બાદ પોલીસે તે કઈ સોશિયલ મીડિયા સાઈટ્સનો ઉપયોગ કરે છે તે પૂછ્યું હતું જેના જવાબમાં જયદીપે પોતે માત્ર ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જ યુઝ કરતો હોવાનું જણાવ્યું હતું.

### સંસદમાં આંકડો જાહેર કર્યો

## ઈરાદાપૂર્વક લોન ન ચૂકવનારા ૧૬૦૦ ડિ-ફોલ્ટર્સે બેન્કોના ૧.૬૨ લાખ કરોડ ચાંઉ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય બેન્કો પર લોનનું ભારણ વધી રહ્યું છે, જે સાથે જ લોન લેનારા એવા લોકોની સંખ્યા પણ વધી રહી છે કે જેઓ લોનની રકમ ચુકવવા સક્ષમ હોવા છતા નથી ચુકવી રહ્યા. સંસદમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશભરની બેન્કોમાંથી કરોડો રૂપિયાની લોન લઈને તેને ચુકવવાની ના પાડનારા વિલફુલ ડિફોલ્ટર એટલે કે આર્થીક રીતે સક્ષમ નાદારોની સંખ્યા ૧૬૦૦થી પણ વધુ છે. આ લોકો બેન્કોના આશરે ૧.૬૨ લાખ કરોડ રૂપિયા દબાવીને બેઠા છે.

રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાણામંત્રી પંકજ ચૌધરીએ સંસદમાં ખુલાસો કર્યો હતો કે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી પીએસયુ બેન્કોએ ૧૬૨૯ કોર્પોરેટ ડિફોલ્ટર્સની ઓળખ કરી છે કે જેઓ ઈરાદાપૂર્વક લોન નથી ચુકવી રહ્યા. આ તમામ વિલફુલ ડિફોલ્ટર્સ પર કુલ મળીને ૧૬૨૯૬૧ કરોડ રૂપિયાનું દેવુ છે, જે ચુકવવાની ના પાડી રહ્યા છે. બેક્રો દ્વારા સીઆરઆઈએલસીને જે રિપોર્ટ સોંપવામાં આવ્યો તેના આધારે આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

મંત્રીએ દાવો કર્યો હતો કે સરકાર હાલ આવા વિલફુલ ડિફોલ્ટર્સને લઈને કેટલાક પગલા લઈ રહી છે, જેમ કે આવા લોકોને નવુ સાહસ શરૂ કરવા માટે વધારાની લોન નથી અપાતી. ડિફોલ્ટર્સ સાથે જોડાયેલી કંપનીઓને કેપિટલ માર્કેટમાં પ્રવેશ નથી અપાતો. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના માસ્ટર ડાયરેક્શન મુજબ બેક્રોએ દર મહિને વિલફુલ ડિફોલ્ટર્સની યાદી ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ(સીઆઈસીએસ)ને સોંપવાની હોય છે. કરોડોની લોન લઈને ફરાર થઈ ગયેલા આશરે નવ જેટલા લોકોને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે, જેમની પાસેથી બેક્રોએ ૧૫,૨૯૮ રૂપિયા લેવાના બાકી છે.

વિલફુલ ડિફોલ્ટર્સ એવા લોકોને કહેવામાં આવે છે કે જેઓ તેમણે લીધેલી લોનની રકમ પરત કરવા માટે સક્ષમ તો હોય છે પરંતુ તેમ છતા નથી ચુકવતા અથવા બહાના બતાવ્યા રાખે છે. હાલ જે વિલફુલ ડિફોલ્ટર્સના આંકડા જાહેર કરવામાં આવ્યા છે તે માર્ચ ૨૦૨૫ સુધીના છે. નોંધનીય છે કે ગયા વર્ષે માર્ચ ૨૦૨૪ સુધીના આંકડા આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા જે મુજબ તે સમયે દેશમાં વિલફુલ ડિફોલ્ટર્સની સંખ્યા ૨૬૬૪ હતી અને તેમણે બેક્રોના આશરે ૧.૯૬ લાખ કરોડ રૂપિયા દબાવીને રાખ્યા હતા. આ વિલફુલ ડિફોલ્ટર્સ એવા લોકો છે કે જેમણે બેક્રો પાસેથી કરોડો રૂપિયાની લોન લીધી, તેની મદદથી ખુબ મોટી રકમ બનાવી અને ધંધો જમાવ્યો, હવે પોતાની પાસે નાણા હોવા છતા તેઓ લોનની રકમ ચુકવવા નથી માગતા.

### સંસદમાં નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રીએ માહિતી આપી

## અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના ચાર દિવસ બાદ ૧૧૨ પાયલટ મેડિકલ લીવ પર ઉતર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમદાવાદ ખાતે ૧૨ જૂનના રોજ ભયાવહ પ્લેન ક્રેશની દુર્ઘટનાના ચાર દિવસ બાદ એર ઈન્ડિયાના ૧૦૦થી વધુ પાયલટ મેડિકલ લીવ પર ઉતર્યા હતાં. સંસદમાં નાગરિક ઉડ્ડયનના રાજ્યમંત્રી મુરલીધર મોહોલે આ અંગે માહિતી આપી હતી. આ ભયાવહ પ્લેન ક્રેશમાં ૨૬૦ લોકોનો મોત નીપજ્યા હતાં.


મોહોલે લોકસભામાં જણાવ્યું હતું કે, અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ ૫૧ કમાન્ડર અને ૬૧ ફ્લાઈટ ઓફિસરનું માનસિક સ્વાસ્થ્ય સારૂ ન હોવાથી મેડિકલ લીવ પર ઉતર્યા હતાં. અમે એરલાઈન્સ અને એરપોર્ટ સત્તાધીશોને સંભવિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું સંચાલન કરવા માટે ફ્લાઈટ ક્રૂ અને એર ટ્રાફિક કંટ્રોલર્સ માટે "સ્ટેન્ડઅલોન અને કસ્ટમાઈઝ્ડ ટ્રેનિંગ કેપ્સ્યુલ્સ" રજૂ કરવાની પણ સૂચના આપી હતી. તેમજ કોઈપણ સમસ્યાને ઓળખવા અને તેનો સામનો કરવામાં ફ્લાઈટ ક્રૂ / છ્ર્જ (એર ટ્રાફિક કંટ્રોલ ઓફિસર્સ) ને મદદ-સમર્થન પૂરુ પાડવા પીઅર સપોર્ટ ગ્રુપ્સ બનાવવાની પણ સલાહ આપવામાં આવી છે. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશને ક્રૂની ચિંતા અને ગભરાટ તથા તાલીમના સંચાલન સંબંધિત સલામતીના માપદંડોનું ઉલ્લંઘન કરવા બદલ બુધવારે ચાર શો-કોઝ નોટિસ પાઠવી હતી. નોટિસમાં છેલ્લા ૧૨ મહિનામાં એરલાઈન દ્વારા સ્વૈચ્છિક ખુલાસાઓ, તાલીમના ધોરણો અને ઓપરેશનલ પ્રક્રિયાઓને સુનિશ્ચિત કરવામાં થયેલા ભંગને આવરી લેવામાં આવ્યા હતાં. આજે બપોરે એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'અમે આ નોટિસનો સ્વીકાર કરીએ છીએ, છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલા કેટલાક સ્વૈચ્છિક ખુલાસાઓ સાથે સંબંધિત અમે ઉપરોક્ત નોટિસોનો જવાબ આપીશું. એર ઈન્ડિયા પોતાના ક્રૂ અને મુસાફરોની સલામતી માટે પ્રતિબદ્ધ છે' એરઈન્ડિયાને છેલ્લા છ મહિનામાં સુરક્ષાના માપદંડોનું વિવિધ પ્રકારે ઉલ્લંઘન તેમજ દુર્ઘટનાઓના કારણે કુલ ૧૩ નોટિસ પાઠવામાં આવી હતી. ઉલ્લેખનીય છે, મંગળવારે જ હોંગકોંગથી દિલ્હી આવતી એરબસ છ૩૨૧ના પાવર યુનિટમાં આગ લાગી હતી. જો કે, જાનહાનિ ટળી હતી. ૨૪ કલાક પહેલાં જ કોચી-મુંબઈ ફ્લાઈટ રનવે પર ભટકાઈ હતી. જેના એન્જિન કવરને નુકસાન થયુ હતું. છેલ્લી ઘડીએ અન્ય એક દિલ્હી-કોલકાતા ફ્લાઈટને સ્થગિત કરવામાં આવી હતી. આજે સવારે પણ દિલ્હી-મુંબઈ એર ઈન્ડિયા એક્સપ્રેસ પ્લેનની ડિસ્પ્લે સ્ક્રિનમાં સમસ્યા આવતાં ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. એર ઈન્ડિયા અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદથી અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે.

### સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# દહેજના કેસમાં બે મહિના સુધી નહીં થાય ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટની ૨ વર્ષ જૂની માર્ગદર્શિકા અપનાવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યારે કોઈ મહિલા દહેજ ઉત્પીડન કાયદા હેઠળ તેના સાસરિયાઓ સામે કેસ દાખલ કરે છે, ત્યારે પોલીસે બે મહિના સુધી પતિ કે તેના સંબંધીઓની ધરપકડ ન કરવી જોઈએ. આ દરમિયાન આ મામલો પરિવાર કલ્યાણ સમિતિને મોકલવામાં આવશે. જે બંને પક્ષો વચ્ચે સમાધાન કરવાનો પ્રયાસ કરશે. કોર્ટે આ નિર્ણય એક મહિલા IPS સંબંધિત કેસની સુનાવણી દરમિયાન આપ્યો છે. કોર્ટે કહ્યું કે મહિલા IPS અધિકારીએ ઉત્પીડન માટે અખબારોમાં પ્રકાશિત કરીને તેના અલગ થયેલા પતિ અને તેના સંબંધીઓની માફી માંગવી પડશે. CJI BR



Gavai અને ન્યાયાધીશ AG Masihની બેન્ચે ૨૦૨૨ બેચના IPS અધિકારી શિવાંગી બંસલ અને તેમના પતિ વચ્ચે લગ્ન પછી છૂટાછેડા અંગેના સમાધાન પર ચુકાદો સંભળાવ્યો છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે માફી માંગવી જરૂરી છે કારણ કે શિવાંગી દ્વારા દાખલ કરાયેલા કેસોને કારણે તેના પતિ ૧૦૯ દિવસ અને તેના પતિના પિતા ૧૦૩ દિવસ જેલમાં રહ્યા હતા અને સમગ્ર પરિવારને શારીરિક અને માનસિક આઘાત અને ઉત્પીડન સહન કરવું પડ્યું હતું. તેમણે જે સહન કર્યું છે તેની ભરપાઈ કોઈપણ રીતે કરી શકાતી નથી.

IPCની કલમ ૪૯૮છ મહિલાઓને ઘરેલુ હિંસાથી બચાવવા માટે બનાવવામાં આવી હતી. ખાસ કરીને દહેજ ઉત્પીડન સંબંધિત કેસોને ધ્યાનમાં રાખીને. પરંતુ આ કલમનો પણ દુરુપયોગ થવા લાગ્યો છે. જેમ કે આ કલમનો ઉપયોગ વ્યક્તિગત બદલો લેવા અને બ્લેકમેઈલ કરવા માટે થઈ રહ્યો છે. કોર્ટે પણ ઘણી વખત આ કલમ પર ચિંતા વ્યક્ત કરી છે. વર્તમાન કાયદામાં, આ કલમ ભારતીય ન્યાયિક સંહિતામાં કલમ ૮૫ના રૂપમાં છે.

### યુપીના સીએમ યોગીએ ખોલી પોલ

# ભાજપના દિગ્ગજ સાંસદ રવિ કિશને નાળા પર જ ગેરકાયદે મકાન બાંધ્યું

। (એજન્સી) ગોરખપુર, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે ગોરખપુરમાં ૧૭૭ પરિયોજનાઓના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'અભિનેતા અને ભાજપ સાંસદ રવિ કિશને રામગઢ તાલ વિસ્તારમાં નાળા ઉપર મકાન બનાવ્યું છે. અમે પહેલાથી જ કહ્યું હતું કે નાળા ઉપર પર કોઈ પણ બાંધકામ ન થવું જોઈએ, નહીં તો મુશ્કેલી થશે.'

ગોરખપુરમાં પરિયોજનાઓના ઉદ્ઘાટન કાર્યક્રમમાં દરમિયાન રમૂજી અંદાજમાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, 'નાળા ઉપર કોઈ બાંધકામ ન થવું જોઈએ, કારણ



કે તેનાથી પૂર જેવી સમસ્યાઓ થઈ શકે છે. રવિ કિશનએ રામગઢ તાલ વિસ્તારમાં નાળા ઉપર મકાન બનાવ્યું છે. પરંતુ હવે મશીન બધું પકડી લે છે. ગેરકાયદે બાંધકામ દૂર કરવું જોઈએ.' મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કાર્યક્રમમાં ગોરખપુરની સ્વચ્છતા સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, અર્બન ફ્લડ સેન્ટર, સેન્સર ટેકનોલોજી અને આધુનિક ડ્રેનેજ સિસ્ટમ જેવી નવીનતાઓએ શહેરને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવ્યું છે.'

આ ઉપરાંત તેમણે નાગરિકોને શેરીઓમાં કચરો ન ફેંકવા અને સ્વચ્છતા પ્રત્યે સભાન રહેવાની અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગોરખપુરમાં વિવિધ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઘણીવાર રવિ કિશન પર હળવી ટીકા કરતા જોવા મળ્યા છે. મે ૨૦૨૫માં શહેરી સુવિધા કેન્દ્રના ઉદ્ઘાટન દરમિયાન તેમણે રવિ કિશનના ઘરને 'શીશમહલ' કહીને મજાક કરી હતી.

## તંત્રી લેખ...

# ટ્રમ્પે જગત જમાદારની જેમ શેખી મારતા દાવો કર્યો

ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવ્યું હોવાનો દાવો ફરી એક વાર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો છે. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત-પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ પરમાણુ યુદ્ધ સાથે પૂરો થવાની પૂરી શક્યતા હતી. આ યુદ્ધમાં ભારત અને પાકિસ્તાનના પાંચ વિમાન તોડી પડાયા હોવાનું રટણ પણ ટ્રમ્પે કર્યુ હતું. વ્હાઈટ હાઉસ ખાતે કોંગ્રેસ સભ્યોને સંબોધનમાં ટ્રમ્પે જગત જમાદારની જેમ શેખી મારતા દાવો કર્યો હતો કે, ભારત-પાકિસ્તાન ઉપરાંત રીપબ્લિક ઓફ કોંગો અને રવાન્ડાનું યુદ્ધ પણ તેમણે અટકાવ્યુ હતું.ભારત અને પાકિસ્તાનના યુદ્ધમાં બંને દેશે પાંચ ફાઈટર પ્લેન તોડી પાડ્યા હોવાનું રટણ ચાલુ રાખતા ટ્રમ્પે જણાવ્યુ હતું કે આ યુદ્ધ સતત ભીષણ બની રહ્યુ હતું. તેથી મેં સ્પષ્ટ સુણાવી દીધું આ સ્થિતિ બંને દેશ માટે સારી નથી. યુદ્ધ ચાલુ રાખવું હોય તો ટ્રેડ નહીં થાય. બંને દેશ પરમાણુ શસ્ત્રથી સંપન્ન છે ત્યારે આ સંઘર્ષ ક્યાં જઈને અટકશે તેની કોઈને ખબર ન હોતી. આખરે મેં યુદ્ધ અટકાવ્યુ હતું. વિશ્વના અલગ-અલગ દેશોને યુદ્ધથી બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનો દાવો કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, અમેરિકાએ ઈરાનની સંપૂર્ણ પરમાણુ ક્ષમતાને નષ્ટ કરી કોસોવો અને સર્બિયાનો સંઘર્ષ પણ અટકાવ્યો છે. અન્ય કેટલાક દેશોને યુદ્ધ તરફ દોરી જનારા સંજોગો પર કાબૂ મેળવવામાં આવ્યો છે. પ્રમુખ તરીકે બાઈડન આવું ક્યારેય કરી શકત નહીં. તેમણે તો કદાચ આ દેશોના નામ પણ નહીં સાંભળ્યા હોય. યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલમાં ભારતના કાયમી પ્રતિનિધિ પ ર્વથાનેની હરિશે ટ્રમ્પનું નામ લીધા વગર તેમના આ દાવાને નકાર્યો હતો. હરિશે કહ્યું હતું કે પાકિસ્તાનની વિનંતીના પગલે ભારતે શસ્ત્ર વિરામ સ્વીકાર્યો હતો. ભારતનો ઈરાદો યુદ્ધ કરવાનો હતો જ નહીં. ભારતે આતંકવાદીઓ અને તેમને સમર્થન આપનારા ઠેકાણાઓને જ નિશાન બનાવ્યા હતા.

## સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદિક સાયન્સમાં CCRAS-પ્રયત્ન - વૈજ્ઞાનિક લેખન કાર્યશાળાની બીજી આવૃત્તિની જાહેરાત

આયુષ મંત્રાલયના સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સ (CCRAS)એ તેની મુખ્ય પહેલ, CCRAS-પ્રયત્ન - વૈજ્ઞાનિક લેખન કાર્યશાળાની બીજી આવૃત્તિની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય આયુર્વેદ અનુસ્નાતક, પીએચડી અને પોસ્ટ-ડોક્ટરલ વિદ્વાનોને વૈજ્ઞાનિક લેખન, હસ્તપ્રત વિકાસ અને સંશોધન પ્રકાશનમાં મહત્વપૂર્ણ કુશળતાથી સજ્જ કરવાનો છે.

આ પહેલ પર પોતાના વિચારો શેર કરતા, CCRASના ડાયરેક્ટર જનરલ પ્રો. રવિનારાયણ આચાર્યએ યુવા આયુર્વેદ સંશોધકોને મજબૂત વૈજ્ઞાનિક લેખન ક્ષમતાઓથી સશક્ત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "CCRAS-પ્રયત્ન પહેલ ઉચ્ચ-ગુણવત્તાવાળા વૈજ્ઞાનિક પ્રકાશન માટે જરૂરી કુશળતાથી યુવા વિદ્વાનોને સશક્ત બનાવીને આયુર્વેદમાં મજબૂત સંશોધન સંસ્કૃતિને પોષવાની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. રૂબરૂ તાલીમ, નિષ્ણાત માર્ગદર્શન અને માળખાગત માર્ગદર્શન દ્વારા પ્રયત્ન અનુસ્નાતક અને ડોક્ટરલ વિદ્વાનોને વૈશ્વિક ધોરણો અનુસાર તેમના સંશોધનને અસરકારક રીતે સંચાર કરવા સક્ષમ બનાવી રહ્યું છે. પ્રથમ સત્રના પ્રોત્સાહક પરિણામો આ હસ્તક્ષેપના મહત્વની પુષ્ટિ કરે છે, અને અમને વિશ્વાસ છે કે આગામી કાર્યશાળાઓ વિશ્વભરમાં આયુર્વેદ સંશોધનની દૃશ્યતા અને અસરને વધુ વધારશે."

ઓગસ્ટ ૨૦૨૪માં શરૂ કરાયેલ, પ્રયત્ન વર્કશોપ શ્રેણી શૈક્ષણિક સંશોધન અને વૈશ્વિક પ્રકાશન ધોરણો વચ્ચેના અંતરને દૂર કરીને આયુર્વેદમાં સંશોધન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો એક અગ્રણી પ્રયાસ છે. આ પહેલ નિષ્ણાત માર્ગદર્શન, વ્યવહારુ તાલીમ અને સહકર્મી -સમીક્ષા પ્રતિસાદનું મિશ્રણ કરે છે જેથી યુવા આયુર્વેદ વિદ્વાનો તેમના સંશોધન કાર્યને ઉચ્ચ-ગુણવત્તાવાળા, પ્રકાશિત કરી શકાય તેવા લેખોમાં રૂપાંતરિત કરી શકે.

આ વર્કશોપના મુખ્ય ઉદ્દેશ્યોમાં વૈજ્ઞાનિક લેખન ક્ષમતાઓનું નિર્માણ, સંશોધન દૃશ્યતા વધારવી અને પ્રકાશન તૈયારીમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે, જે આખરે આયુર્વેદમાં વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત પુરાવા આધારમાં ફાળો આપશે.

શ્રી BMK KLE આયુર્વેદ મહાવિદ્યાલય, બેલગાવી ખાતે યોજાયેલી ઉદ્ઘાટન વર્કશોપની ભવ્ય સફળતા પછી, જ્યાં અનેક હસ્તપ્રતો વિકસાવવામાં આવી હતી અને પ્રતિષ્ઠિત જર્નલોમાં સબમિટ કરવામાં આવી હતી, ૨૦૨૫-૨૬ માટે બીજી આવૃત્તિ રાષ્ટ્રીય રસ અભિવ્યક્તિ (EOI) પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલી સંસ્થાઓમાં યોજાશે. આ કાર્યક્રમ બહુ-સ્તરીય માળખાને અનુસરશે, જેમાં સંવેદનશીલતા વેબિનાર, લેખ સમીક્ષા અને રહેણાંક હસ્તપ્રત વિકાસ વર્કશોપનો સમાવેશ થાય છે, જે સઘન જોડાણ અને પરિણામ-આધારિત શિક્ષણ સુનિશ્ચિત કરે છે. રસ ધરાવતી આયુર્વેદ સંસ્થાઓ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં ccrasprayatna[at]gmail[dO]com પર રસ અભિવ્યક્તિ (EOI) સબમિટ કરીને આગામી પ્રયાસ વર્કશોપનું આયોજન કરવા માટે અરજી કરી શકે છે.

પુરાવા-આધારિત આયુર્વેદને આગળ વધારવામાં અગ્રણી તરીકે, CCRAS અનેક અસરકારક પહેલ દ્વારા સંશોધન અને શૈક્ષણિક ક્ષમતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે. તેના પ્રતિષ્ઠિત જર્નલ્સ - જર્નલ ઓફ રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સિસ (JRAS), જર્નલ ઓફ ડ્રગ રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સિસ (JDRAS) અને જર્નલ ઓફ ઈન્ડિયન મેડિકલ હેરિટેજ (JIMH) - એ આયુર્વેદ શિષ્યવૃત્તિની વૈશ્વિક દૃશ્યતામાં નોંધપાત્ર વધારો કર્યો છે. સમૃદ્ધ સંશોધન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે, કાઉન્સિલ સંશોધન પદ્ધતિ અને આંકડાશાસ્ત્રમાં એક વિશિષ્ટ તાલીમ કાર્યક્રમ ARMS ઉપરાંત SPARK (અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે), PG-STAR (અનુસ્નાતકો માટે), AGNI (ક્લિનિશિયનો માટે) અને SMART (શિક્ષકો માટે) જેવા માળખાગત કાર્યક્રમો પણ ચલાવે છે. વૈજ્ઞાનિક લેખન કાર્યશાળાઓ - જેમાં પ્રયાસ શ્રેણીનો સમાવેશ થાય છે - આ ઈકોસિસ્ટમનો એક મહત્વપૂર્ણ ઘટક છે, જે હસ્તપ્રત ગુણવત્તા સુધારવા અને પ્રકાશન પરિણામોને વેગ આપવા માટે ક્લિનિકલ, ડ્રગ અને સાહિત્યિક સંશોધનમાં કેન્દ્રિત, તબક્કાવાર તાલીમ પૂરી પાડે છે.

શિવાલયોમાં ઓમ નમઃ શિવાય અને અને બમબમ ભોલે નાં નાદ કરતાં ભક્તો જોવાં મળશે!

# આ શ્રાવણે સંસારી શિવને ભજીએ, સબ શૂન્ય મેં મિલ જાયેગા, શિવ નામ બસ રહ જાયેગા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પણ ભક્તિને નામે શેમાંય અતિરેક બિલકુલ નહીં, અને દંભ દેખાડો કે પરંપરાને નામે આગ્રહ નહીં! બાકી રુદ્રાક્ષ કે શિવ મહિમ્નનાં શ્લોકો સાથે અભિષેકનો મહિમા જ કંઈક ઔર છે, અને આપણે લીંગ રૂપે સાક્ષાત શંકરનો અભિષેક કરીએ છીએ, એ અનૂભૂતિ પણ અત્યંત આલ્હાદક! કારણકે ભક્તિની કે સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે!**

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હદયમાં કરુણા રુપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુઓમાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓની વાત છે, પણ શંકરની વાત જ નિરાળી છે, અને એટલે જ બધાં શ્રાવણની આતુરતા પૂર્વક રાહ જોતાં હોય છે. શિવાલયોમાં ઓમ નમઃ શિવાય અને અને બમબમ ભોલે નાં નાદ કરતાં ભક્તો જોવાં મળશે! મંદિરો હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે, પણ રખેને એને જ સંસ્કૃતિ કે ભક્તિ સમજવાની ભૂલ કરતાં નહીં, ભક્તિ નું પરિપ્રેક્ષ્ય સાવ જુદું જ છે, જેમાં સાધન ગૌણ છે અને ભાવ સર્વોપરી. બીજું મંદિર જવું દૂધનો અભિષેક કરવો, એવી સ્પર્ધા કે દેખાદેખી તો બિલકુલ નહીં, ક્રિયા કે દ્રવ્ય આ બધું સહજ હોય તો જ શંકર સ્વીકારશે, બાકી લાખો લિટર દૂધ માત્રનો વ્યય થશે! અને હાં ખાસ બિલ્વ પત્ર પણ માપમાં, ચોમાસામાં આમ પણ સૂર્ય બહુ ઓછો નીકળે છે, પર્ણ ને રસોડું કહેવાતું હોવાથી, જેટલા વધુ બિલ્વ પત્ર તોડીએ એટલી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા થતી નથી, અને એની વૃદ્ધિ અટકી જાય છે, અને પાન તોડી નાખવાથી નવો ઓક્સિજન પણ મળે નહીં. એટલે એમ પણ સમજતાં નહીં કે બેન આવું કરવાની ના પાડે છે! પણ ભક્તિને નામે શેમાંય અતિરેક બિલકુલ નહીં, અને દંભ દેખાડો કે પરંપરાને નામે આગ્રહ નહીં! બાકી રુદ્રાષ્ટક કે શિવ મહિમ્નનાં શ્લોકો સાથે અભિષેકનો મહિમા જ કંઈક ઔર છે, અને આપણે લીંગ રૂપે સાક્ષાત શંકરનો અભિષેક કરીએ છીએ, એ અનૂભૂતિ પણ અત્યંત આલ્હાદક! કારણકે ભક્તિની કે સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે! અને એટલે જ એને ભોળો નાથ કહેવાયો છે. તો આપણે પણ આ શ્રાવણીય અનુષ્ઠાનમાં શિવશંકરનાં જુદી જુદી રીતે ગુણગાન ગાઈશું, અને તત્વતઃ શંકરનાં સ્વરૂપને આત્મસાત કરી કરુણામય બનીશું.

હમણાં અંકિતા દાસ ના સ્વરમાં શુભમ શર્મા લિખિત એક શિવ ભજન સાંભળ્યું, જે મૂળમાં હંસરાજ રઘુવંશી એ ગાયું છે. ગાયક ગમે તે હોય પણ એ આપણને શિવ શંકરનાં સાચા સ્વરૂપની નજીક લઈ જાય છે, અને સદગૃહસ્થની એક સુંદર પ્રતિમા નિર્મિત કરી શકે એમ છે.



શિવ શંકરા શ્રી મહેશ્વરા,
શશિ શેખરા શ્રી જટા ધરા.
કુછ છોડને સે કુછ મિલે,
પર કુછ ન કુછ રહ જાયેગા,
મિટ્ટી મેં સબ મિલ જાયેગા.
સબ શૂન્ય મેં મિલ જાયેગા,
શિવ નામ બસ રહ જાયેગા.
શિવ સત્ય હૈં સંસાર હૈં,
શિવ રુપ હૈં શ્રૃંગાર હૈં
શિવ ગીત હૈં શિવ રાગ હૈં,
ગૃહસ્થ શિવ વૈરાગ હૈં,
જબ જો મિલે સ્વીકાર હૈં,
શિવ શાંતિ સુખ સત્કાર હૈં,
ભટકે રે મન કહાં જબ શિવ યહાં
સબ કુછ તૂટ જાને દો.

સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ ભજન બહુ મોટી વાત કરે છે. શિવ શંકર શ્રી મહેશ્વર જે શશિ શેખર અને જટાધર પણ છે. સંસારનો નિયમ છે કે કંઈક છોડવાથી જ કંઈક મળે! પણ તોય સંસારી ને મળેલું હંમેશા અધુરું લાગે! અને આમ બધું મેળવવાની લ્હાયમાં અંતે બધું મિટ્ટી માં મળી જાય છે. બધું જ જ્યારે શૂન્યમાં મળી જાય કે ભળી જાય ત્યારે આપણને આપણી ભૂલ સમજાય છે, અથવા પસ્તાવો થાય છે! અને ત્યારે શિવ શંકર નામ જ આપણો એક માત્ર સહારો હોય છે! એટલે કે શંકર એ અવિનાશી નામ આગળ બધું જ ગૌણ અથવા શૂન્ય છે, એ સત્ય સમજાય છે! અને પછી શંકર નામ પ્રત્યે આપણો ભરોસો દ્રઢ બને છે! અને સમજાય છે કે શિવ જ સત્ય છે, શિવ જ મારો સંસાર છે. ભક્ત માટે પોતાનું આંતર બાહ્ય રુપ શિવ છે, અને શિવ જ શ્રૃંગાર છે. ગઈકાલે સંસાર અસાર લાગતાં જે રસ નું ઝરણું શુષ્ક થઈ ગયું હતું, એ શિવત્વ નાં પ્રભાવે સૂરીલુ ગીત બની ગયું, એટલે કે રોમરોમમાં ભક્તિની કે શિવત્વની મસ્તી છવાઈ ગઈ! અને આમ પોતાની મસ્તીમાં રત રહેતાં શિવ સંસારી હોવા છતાં રુખડ જેમ વૈરાગી પણ છે. વૈરાગી ને તો જ્યારે જે મળે એનો સ્વીકાર અને સત્કાર જ હોય! પછી ભલે નરસિંહ જેમ દુઃખ મળે કે મીરાં જેમ ઝેર મળે! એની શાંતિ વિચલિત થતી નથી. માટે શંકર અહીં છે, પછી હે જીવ તારું મન જે અહીંતહીં ભટકે છે, એને તું છોડી દે, ભલે સબ કુછ એટલે કે બધું જ તૂટી જાય! એટલે અહીં સંસારી સંબંધોના તાણાવાણા તૂટી જતાં હોય તો પણ, તેને છોડવાની વાત છે. ભજનમાં હજી આગળ પણ આવાં જ આપણને એકદમ નજીક પડે એવાં ભાવ છે, અને બાબા કેદાર શિવ જ આપણને સંભાળી શકે એમ છે!

આમ તો નાગર ગૃહસ્થનાં ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય ! અને માત્ર શ્રાવણમાં જ નહીં પણ, મમ્મી પપ્પા બંનેની નિત્ય ઉપાસના શિવથી જ શરૂ થતી, મમ્મી તો એનાં સૂરીલા કંઠે ભજન પણ ગાતી, અને વાતાવરણ ભક્તિમય બની જતું. એટલી ભણેલી નહોતી પણ બધાં પાઠ કંઠસ્થ હતાં. ક્યારેક અમે કોઈ ભાઈ બહેન નાપાસ થઈએ કે બિમારી આવે, તો ભીડ ભંજન મહાદેવ સદાય સૌની રક્ષા કરનારાં છે, ભોળાંનો ભગવાન છે, દૂધ પાણી થી રીઝે! કઠિન સમયે એવાં નાનાં નાનાં વાક્યો મમ્મી બોલે, અને અનુભવે ધીરેધીરે એની પર ભરોસો દ્રઢ થતો ગયો. સોળ સોમવાર ભાખરિયા સોમવારનાં વ્રત ઉપવાસ પણ કર્યા, ઠીક છે એ બધું! પણ કળિયુગમાં જો કોઈ શ્રેષ્ઠ વ્રત હોય તો એ નામ સ્મરણ જ છે, પણ જે કર્યું તે પૂર્ણ આસ્થાથી કર્યું.અને તેથી જ શંકર એટલે જ કલ્યાણ, એ ભાવે શંકરે હદયમાં સ્થાન અંકિત કર્યું. પછી તો કલમ પકડી અને શાસ્ત્રોક્ત સ્તુતિ કે પૌરાણિક કથા મુજબ કેટલુંય લખ્યું! પણ શંકરનાં એ બધાં જ સ્વરૂપ થોડા દૂર પડે છે, અને કૈલાસ નું શિખર બહુ ઉંચુ, તો સ્મશાને શિવ ભયભીત કરે, અને રુદ્રીની વાત કરીએ તો ક્યારેક વિકરાળ સ્વરૂપ પણ છે. એટલે જ નરસિંહની જેમ સ્વીકારી લઈએ કે આપણે રહ્યાં પૂર્ણ ભોગી, એટલે એમ કંઈ સંસાર છોડી સંન્યાસી થઈ શકાશે નહીં! અને એટલે ભક્તિ માટે શંકરનું આ સંસારી સ્વરૂપ આપણને એકદમ અનૂકૂળ આવશે.

શ્રાવણે શંકર પૃથ્વી પર આવે છે, અને એટલે શિવાલય જ જાણે શિવરૂપ હોય એમ ભાસે છે, અને ભક્તો તેમજ બ્રાહ્મણો દ્વારા ગુંજતો શિવ નાદ જીવ માત્રને અભિભૂત કરનાર છે, પણ એ શ્રાવણનાં સરવડા જેમ ક્ષણિક હોય છે, એટલે આપણે ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચી શકતાં નથી. બસ આ શ્રાવણે એટલે જ શિવત્વને આત્મસાત કરવા માટે એનાં સરળ સૌમ્ય સંસારી સ્વરૂપને પૂર્ણ પણે અનુસરીએ.ૐ નમઃ શિવાય.

મહર્ષિ વ્યાસજીના શિષ્ય સુત પુરાણકથાઓ કહેવામાં પારંગત છે

# શ્રાવણ માસમાં શિવ મહિમા - ૧ શિવ મહાપુરાણનું માહાત્મ્ય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)


**પ્રાચીન ઈતિહાસનો એક પ્રસંગ ઉલ્લેખનીય છે, દેવરાજ નામે એક મૂર્ખ બ્રાહ્મણ કિરાતનગરમાં રહેતો હતો. તેણે અધર્મ-અનીતિ દ્વારા દ્રવ્યોપાર્જન કર્યું હતું. "હરિ કહે દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને ક્લેશ વધારનારું."એ સૂત્રાનુસાર તે શોભાવતી નામની વેશ્યા તરફ આકર્ષાયો.**

પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ આજથી થઈ ગયો છે ગઈકાલે અષાઢ વદ અમાસ દિવાસા તરીકે ધામધૂમથી ઉજવણી કરી. શિવા લયોમાં ગઈકાલથી ભાવિક શિવ ભક્તોની ભીડ રહી જે હવે આખો શ્રાવણ માસ જોવા મળશે. આપણે આજે શ્રાવણ માસમાં શિવ મહિમા જોઈએ તો

હે હે સત મહાપ્રાજ્ઞ સર્વસિદ્ધાંત વિત્પ્રભો ! આખ્યાહિ મે કથાસારં પુરાણાનાં વિશેષતઃ ।।શ્રી શૌનક ઉવાચઃ "હે મહાજ્ઞાની સુત! તમે મને પુરાણોની કથાઓનો સાર કહો. સકલ ગુણોના ભેદો વડે જેમનું રૂપ સ્પષ્ટ થતું નથી,જે પોતાના મહિમા વડે જગતની અંદર તથા બહાર પ્રકાશમય જણાય છે, જે મનની બહાર વાણીરૂપે તથા અંદર મનોવૃત્તિ રૂપે રહેલાછેતે અનંત આનંદથી સભર શ્રી શિવને શરણે હું જાઉં છું.

મહર્ષિ વ્યાસજીના શિષ્ય સુત પુરાણકથાઓ કહેવામાં પારંગત છે. તેથી મુનિવર્યો તેમની પાસેથી પુરાણકથાઓ સાંભળે છે.

સુત બોલ્યા,હે મુનિશ્રેષ્ઠ! સિદ્ધાંતોથી સભર, ભક્તિની વૃદ્ધિ કરનારું કાળરૂપી સર્પનો નાશ કરનારું દિવ્ય રસાયણરૂપ ઉત્તમ એવું શ્રી શિવપુરાણ છે. આ ઉત્તમ શિવપુરાણ ભગવાન શિવજીએ પોતે જ કહેલું છે. આ કળિયુગમાં જન્મેલા મનુષ્યોના મનને નિર્મળ કરવા માટે આ શિવ પુરાણથી ઉત્તમ અન્ય કોઈ સાધન નથી. આ પુરાણનું પઠન અને શ્રવણ કરીને મનુષ્ય શિવપદ ને પામે છે. શિવપુરાણનું એકચિત્તે કરેલું શ્રવણ મનોવાંછિત ફળ આપનારું છે, અને તે રાજસૂય યજ્ઞ તથા સો અગ્નિષ્ટોમ યજ્ઞોનું ફળ પ્રાપ્ત કરે છે. તેનું શ્રવણ પવિત્ર શ્રાવણ માસમાં અવશ્ય કરવું જોઈએ. આ કથા પરમ પવિત્રતા આપવા વાળી છે.



ભગવાન વેદવ્યાસે શિવપુરાણમાં ૨૪૦૦૦ શ્લોકો લખ્યા છે. તેમાં સાત સંહિતાઓ છે. શિવપુરાણ નો જે માણસ આદરથી પાઠ કરે છે તે જીવનમુક્ત થાય છે અને અંતકાળે જે મનુષ્ય ભક્તિ પૂર્વક સાંભળે છે,તેને મહેશ્વર મોક્ષગતિ આપે છે.તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષએ ચારેય પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું છે અને આત્મવેત્તા ઓ માટે નિત્ય સેવવા યોગ્ય છે.

પાપ કરનારા, દુરાચારી, દુષ્ટ, કામી અને અવિચારી લોકો પણ શિવ પુરાણના પ્રભાવથી શુધ્ધિને પામે છે.આ દિવ્ય ગ્રંથ બ્રહ્મતુલ્ય હોઈ ઉત્કૃષ્ટ ગતિ આપનારો છે, જે ઘર માં આ શિવપુરાણ વંચાય છે તે ઘર તીર્થરૂપ બની રહે છે. જેઓ આ ગ્રંથનું પૂજન કરે છે તેઓ શિવ પદને પામે છે.

આ પુરાણ શિવજીનું સર્વસ્વ છે. તેથી સુખની આકાંક્ષા રાખનાર મનુષ્યે આદર પૂર્વક તેને સેવવું જોઈએ. આ શિવપુરાણ ત્રિવિધ તાપને શમાવનાર, નિરંતર સુખ આપનાર અને સર્વ દેવોને પ્રાણ સમાન પ્રિય છે.

પ્રાચીન ઈતિહાસનો એક પ્રસંગ ઉલ્લેખનીય છે, દેવરાજ નામે એક મૂર્ખ બ્રાહ્મણ કિરાતનગરમાં રહેતો હતો. તેણે અધર્મ-અનીતિ દ્વારા દ્રવ્યોપાર્જન કર્યું હતું."હરિ કહે દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને ક્લેશ વધારનારું."એ સૂત્રાનુસાર તે શોભાવતી નામની વેશ્યા તરફ આકર્ષાયો. ભ્રષ્ટ બુદ્ધિના આ બ્રાહ્મણે માતા-પિતા અને પત્ની હત્યા કરીને સઘળું દ્રવ્ય આ વેશ્યાને ચરણે ધરી દીધું તે પણ તેની જોડે જ રહેવા લાગ્યો.

એક વખત આ બ્રાહ્મણ પ્રતિષ્ઠાન પુર નગરની બહાર શિવાલયના પ્રાંગણમાં તાવ આવ્યો હોવાથી સૂતો હતો. દેવરાજે પથારીમાં પડ્યા પડ્યા શિવકથાનું શ્રવણ કર્યું. કથા સાંભળતાં સાંભળતાં તે મરણને શરણ થયો.કહેવાય છે કે શિવ દૂતો તેને યમદૂતો પાસેથી છોડાવીને કૈલાસ લઈ ગયા. આ બ્રાહ્મણે અંતઃકાળે શિવપુરાણની પરમ પવિત્ર કથા સાંભળી હતી. તેથી તેને શિવગતિ પ્રાપ્ત થઈ. કથા શ્રવણના ફળસ્વરૂપે તે મોક્ષ ને પામ્યો.

શોનક મુનિએ કહ્યું: "હે સુત ! આ જગતમાં અમૃતથી મુક્તિ મળતી નથી,પરંતુ કથામૃતનું પાનકરવાથી મુક્તિ મળે છે.આ ભૂતલ પર પાપોના સમૂહને નાશ કરનારી અને મનને નિર્મળ કરનારી શિવ કથા સમાન કલ્યાણકારક અન્ય કોઈ કથા નથી. એવી શિવની કથાને ધન્ય છે.

સુત કહેવા લાગ્યા : "શૌનક ! તમારો શિવપ્રેમ જોઈને શિવજી ના પ્રેમમાં અભિવૃદ્ધિ કરનારી બીજી ગુપ્ત કથા છે. તે સાંભળો.

બાષ્કલ ગામમાં બિંદુગ નામે એક દુરાચારી બ્રાહ્મણ રહેતો હતો. તે વેશ્યાગામી હતો ને તેની પત્ની ચંચુલા જારગામી હતી. બિંદુગ મૃત્યુ પછી પિશાચના અવતારને પામ્યો. ચંચુલા યાત્રા દરમિયાન ગોકર્ણમાં કથા સાંભળવા જતી. તેને જીવન પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. પુરાણી સમક્ષ તેણે પોતાના પાપની કબુલાત કરી પાપકૃત્ય કરનારા માટે પશ્ચાત્તાપએ ઉત્તમ પ્રાયશ્ચિત છે.શુદ્ધિ માટે પશ્ચાત્તાપ એ અમોઘ શસ્ત્ર છે.

શિવપુરાણની કથા સાંભળવાથી શિવજીનું દર્શન ચિત્તમાં સ્થિર થાય છે. અને ચિત્તની સંપૂર્ણ શુદ્ધિ થાય છે. આ સદુપદેશને લીધે ચંચુલા એકાગ્રતાથી શિવ પુરાણની કથા સાંભળવા લાગી. અંતઃકાળે શિવગણો તેને લેવા દિવ્ય વિમાન લઈને આવ્યા. તેને મોક્ષગતિ મળી અને સદાશિવ નાં દર્શન પામી. આમ, તેને અક્ષય સુખની પ્રાપ્તિ થઈ.સતી પાર્વતીના સાંનિધ્યમાં ચંચુલા રહી.


તેની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ પાર્વતીએ તેને વરદાન માગવા કહ્યું.ચંચુલાએ કહ્યું:"હે મહેશ્વરી! મારા પતિની શી ગતિ થઈ છે તે કહો.આપ એવું કંઈક કરોકે જેથી હું મારા પતિને પામી શકું."

પિશાચગતિ પામેલા પતિનો ઉદ્ધાર કરવા તેણે પ્રાર્થના કરી. પાર્વતીએ ગંધર્વરાજ તુંબુરને વિંધ્ય પર્વત પર મોકલ્યો તેની સમક્ષ શિવપુરાણની દિવ્ય કથા કરવા અનુરોધ કર્યો.કથા શ્રવણ થી તે સર્વ પાપથી મુક્ત બની પિશાચપણું છોડી દેશે.પછી તમે દિવ્ય વિમાનમાં બેસાડી તેને શિવપુરીમાં સૂચના અનુસાર તુંબુરએ સાત સંહિતા અને માહાત્મ્ય સહિત શિવપુરાણ સંભળાવ્યું.એના શ્રવણને લીધે તે ગોરવર્ણ બની ગયો.શિવના પરમધામમાં આવીને તે શિવનો ગણ બની ગયો અને ચંચુલા દેવી પાર્વતીની વ્હાલસોયી સખી બની. ત્યારબાદ અત્યંત પ્રકાશિત પરમાનંદમય તે લોકમાં અવિચળ નિવાસ પામી તેઓ પરમ આનંદ પામ્યાં. કહેવાનું તાત્પર્ય એ છે કે, જે ભાવિકો આ દિવ્ય શિવપુરાણને વાંચે છે, શ્રધ્ધા ભકિતપૂર્વક સાંભળે છે, પુસ્તકનું પૂજન કરે છે તે ભાવિકો શિવપદના અધિકારી બને છે. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શિવપુરાણની કથા કરવાથી, તેનું શ્રવણ અને પૂજન કરવાથી શિવ કથા સંપૂર્ણ ફળદાતા અને મોક્ષ દાતા થાય છે. આ શિવમહા પુરાણ સંસાર રોગનું નિવારણ કરનારુ અને સંસાર સાગરને પાર ઉતાર નારું છે.સૌ વાચક ચાહક મિત્રોને શ્રાવણ માસની શુભકામનાઓ પાઠવું છું.અસ્તુ.

### શોનું નામ હશે - 'ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ'

# અભિનેત્રી કાજોલ અને ટ્વિંકલ નવા શોનું સંચાલન કરશે





એક્ટ્રેસ કાજોલ અને ટ્વિંકલ એક નવો શો શરૂ કરવા જઈ રહ્યા છે, જેનું નામ 'ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ' આપવામાં આવ્યું છે. આ મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર પ્રાઈમ વીડિયો દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી છે. આ શો બાનીજે એશિયા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવ્યો છે, જેમાં બોલિવૂડના સેલેબ્રિટી ગેસ્ટ તરીકે હાજર રહેશે. આ પોસ્ટમાં કાજોલ અને ટ્વિંકલની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં બંનેના ચહેરા પર આશ્ચર્ય દેખાય છે. તેની સાથે લખાયેલી કૅપ્શનમાં લખાયું છે,"એમને ચા મળી ગઈ છે અને આમાં ગુમાવવાનું ઘણું છે." આ પોસ્ટ જોતાં જ લોકો ખુશ થઈ ગયાં છે. આ એક બોલ્ડ, બ્રિલિયન્ટ અને બિન્દાસ્ત શો હશે, જેઓ વિવિધ મુદ્દે ખુલીને ચર્ચાઓ કરતાં દેખાશે, આ બંને એક્ટ્રેસની કોઈ પણ વાત કટાક્ષ સાથે પણ સ્પષ્ટ રીતે કરવાની આદતથી જ ઘણા ફૅન્સ ઉક્સુક છે. આ શોની રિલીઝ ડેટ અને મહેમાનોન યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પરંતુ દર્શકોની આશા છે કે તેઓ પહેલા એપિસોડમાં અજય દેવગન અને અક્ષય કુમારનો વારો કાઢે.જો કાજોલની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લી તેની 'મા' ફિલ્મ આવી છે, આ માઈથોલોજિકલ હોરર ફિલ્મ ૨૭ જુને રિલીઝ થઈ હતી, જેણે વર્લ્ડવાઈડ ૫૦ કરોડની કમાણી થઈ હતી. હવે તેની 'સરઝમીન' આવી રહી છે, જે કાયોઝ ઈરાનીએ ડિરેક્ટ કરી છે. તેમાં સુકુમારન અને ઈબ્રાહીમ અલી ખાન પણ છે. આ ફિલ્મ ૨૫ જુલાઈએ જિઓ હોટસ્ટાર પર રિલીઝ થશે. જ્યારે ટ્વિંકલની વાત કરવામાં આવે તો તેણે ૯૦ના દાયકામાં છેલ્લી ફિલ્મ કરી છે. તે હવે લેખિકા બની ગઈ છે અને ૨૦૧૫માં તેનું પહેલું પુસ્તક 'મિસીસ ફની બોન્સ' આવ્યું હતું. એ પછી તેણે 'ધ લિજેન્ડ ઓફ લક્ષ્મી પ્રસાદ', 'પજમાઝા આર ફરગિવિંગ' અને 'વેલકમ ટુ પેરેડાઈઝ' જેવા પુસ્તકો લખ્યા છે.

### મલયાલમના દિગ્દર્શક જીતુ જોસેફનો ઘટસ્ફોટ

# કેસની ધમકીને કારણે દ્રશ્યમ-થ્રીનું હિંદીનું શૂટિંગ વહેલું શરુ ન થયું

### મલયાલમ કરતાં હિંદી વર્ઝન પહેલાં શૂટ કરી દેવાનો અજય દેવગણનો પ્લાન નિષ્ફળ



અજય દેવગણે તેની હિંદી 'દ્રશ્યમ થ્રી'નું શૂટિંગ મલયાલમમાં બની રહેલી 'દ્રશ્યમ થ્રી' કરતાં પહેલાં શરુ કરી દેવાનો પ્લાન કર્યો હતો. જોકે, મલયાલમ વર્ઝનના નિર્માતાઓએ તેને આમ કરતો રોકવા માટે કાનૂની કાર્યવાહીની ચિમકી આપી હતી. તેના કારણે અજય દેવગણે હવે મલયાલમમાં શૂટિંગ થાય તે પછી જ હિંદીનું શૂટિંગ શરુ કરવાનું નક્કી કરવું પડયું છે. મૂળ મલયાલમ 'દ્રશ્યમ'નાં દિગ્દર્શક જીતુ જોસેફે આ ઘટસ્ફોટ કર્યો છે. તેમણે કહ્યું હતું કે 'દ્રશ્યમ' પહેલાં મલયાલમમાં બની હતી અને બાદમાં તેની હિંદી રીમેક બની હતી. આથી આ ફિલ્મનો ત્રીજો ભાગ પહેલાં મલયાલમમાં જ શૂટ થાય તે એકદમ સાહજિક છે. અગાઉ એવા પણ અહેવાલો હતા કે મલયાલમ અને હિંદી 'દ્રશમય થ્રી'નું શૂટિંગ સમાંતર થશે. જોકે, જીતુ જોસેફે આ શક્યતા પણ નકારી કાઢી છે. તેણે કહ્યું હતું કે હિંદીના નિર્માતાઓ અમારા પહેલાં શૂટિંગ શરુ કરી દેવા માગતા હતા. પરંતુ, અમારે તેમને કાનૂની કાર્યવાહીની ચિમકી આપવી પડી હતી. તે પછી તેમણે પોતાના પ્લાનમાં ફેરફાર કર્યો છે.ઉલ્લેખનીય છે કે અજય દેવગણ અને મોહન લાલ બંને પોતપોતાની 'દ્રશ્યમ થ્રી'નું શૂટિંગ આગામી ઓક્ટોબરથી શરુ કરવાની જાહેરાત કરી ચૂક્યા છે.

### અક્ષયકુમાર અને અર્શદ વારસીની

# 'જોલી એલએલબી'નું ટીઝર 'વૉર ૨' સાથે લોંચ થશે




અક્ષય કુમાર માટે ૨૦૨૫નું વર્ષ સારું રહ્યું છે, તેની એક પછી એક અલગ અલગ વિષયની ફિલ્મ આવી રહી છે અને બોક્સ ઓફિસ પર સારી ચાલે છે. તેની 'સ્કાય ફોર્સ'થી લઈને 'કેસરી ચેપ્ટર ૨' અને 'હાઉસફુલ ૫' સુધીની ફિલ્મમાં તેણે અલગ પ્રકારના રોલ કર્યા છે. તેની 'જોલી એલએલબી ૩' આ વર્ષની તેની છેલ્લી ફિલ્મ હશે. સુભાષ કપૂરે ડિરેક્ટ કરેલી આ ફિલમમાં અર્શદ વારસી પણ છે. પહેલી જોલી એલએલબીમાં અર્શદ વારસી હતો અને બીજી ફિલ્મમાં અક્ષય કુમાર જોલીના રોલમાં જોવા મળ્યો હતો. ત્યારે ત્રીજા ભાગમાં આ બંને જોલી વચ્ચે ટક્કર જોવા મળશે.આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ થશે, ત્યારે હવે ફિલ્મની ટીમ ઓગસ્ટ મહિનાથી ફિલ્મનું માર્કેટિંગ શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ ફિલ્મનું ટીઝર ઓગસ્ટ મહિનાના બીજા સપ્તાહમાં લોંચ થશે. સ્વતંત્રતા દિવસ પર સમગ્ર દેશના થિએટરમાં આ ફિલ્મનું ટીઝર લોંચ થશે. સુત્રએ જણાવ્યું,"જોલી એલએલબી ૩ની ટીમ આ કોર્ટરૂમ કોમેડીનાં ટીઝર ટ્રેલર પર કામ કરી રહી છે, જેમાં આ બંને જોલી સાથે મળીને કેવી અંધાધુંધી રચે છે, જે પહેલાં ક્યારેય જોવા મળી નથી, એ દર્શાવાશે. વિચાર તો ૧૦ ઓગસ્ટ આસપાસ આ ટીઝર લોંચ કરવાનો છે. વોટર ૨ સાથે સમગ્ર દેશના થિએટરમાં આ ટીઝર જોડાવામાં આવશે."ટીમનો ઈરાદો બને તેટલાં વધુ લોકો સુધી પહોંચવાનો છે, આ અંગે સુત્રએ જણાવ્યું, "ક્રોસ ફિલ્મ પ્રમોશન માર્કેટિંગનું સૌથી અસરકારક માધ્યમ છે. આ અંગે ફિલ્મની ટીમ જાગૃત છે અને તેઓ ફિલ્મ રિલીઝ પહેલાંની દર્શકોની અપેક્ષાઓથી પણ વાકેફ છે, એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મનું પ્રમોશન સૌથી સારી રીતે થશે. સમગ્ર પ્રમોશનના કાર્યક્રમો બહુ સારી રીતે પ્લાન થયા છે. હાલ ફિલ્મની ટીમ પ્રોમશનલ સોંગનું મુંબઈમાં શૂટિંગ કરી રહી છે, જેમાં બંને જોલી છે." અક્ષય અને અર્શદ સાથે આ ફિલ્મમાં હુમા કુરેશી, અમૃતા રાવ અને સૌરભ શુક્લા પણ મહત્વના રોલમાં છે. ફિલ્મની ટીમ વૉર ૨ અને મલ્ટિપ્લેક્સ ચેઈન ઉપરાંત દિનેશ વિજાનના 'પરમ સુંદરી', સાજીદ નડિયાદવાલાના 'બાગી ૪' અને ફરહાન અખ્તરના '૧૨૦ બહાદુર' સાથે પણ તેમનાં ટીઝર અને ટ્રેલરના ટાઈ અપ માટે જોડાય એવી શક્યતા છે.



### સોશિયલ મીડિયા પર લોકોએ શુભેચ્છાઓ પણ આપી દીધી

# તારા સુતરિયાએ વીર પહાડિયા સાથે રિલેશનશિપ જાહેર કરી

### વીરે આ પોસ્ટની કમેન્ટમાં માત્ર "માય(મારી)" લખ્યું, તેની સાથે એક સ્ટારનો અને એક રેડ હાર્ટનો ઇમોજી મુક્યો હતો



થોડાં વખત પહેલાં જ તારા સુતરિયાનો નવો મ્યુઝિક વીડિયો આવ્યો, "થોડી સી દારુ" જેના કારણે તે હાલ ચર્ચામાં છે, તેણે આ વીડિયોમાં શ્રેયા ઘોષાલ અને એપી ધિલ્લોં સાથે કામ કર્યું છે. એપી ધિલ્લોં સાથેની તેની કેમેસ્ટ્રી તો લોકોને પસંદ આવી જ. સાથે તેના કહેવાતા બોયફ્રેન્ડ વીર પહાડિયા સાથેની વાતચીતે ખાસ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.તેણે આ વીડિયોના શૂટ પહેલાનાં કેટલાક બિહાઈન્ડ ધ સીન વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા. જેમાં ગોલ્ડન બેકલેસ મિનિ ડ્રેસમાં તારા ખુબ આકર્ષક દેખાય છે. જ્યારે એપી ધિલ્લોં વ્હાઈટ શર્ટ અને લૂઝ બૉ ટાઈમાં જોવા મળે છે. આ પોસ્ટ સાથેની કૅપ્શનમાં તેણે લખ્યું,"તુ હી એ ચાન. મેરી રાત એ તુ" ઘણા ફૅન્સને તેની આ તસવીરો ઘણી પસંદ પડી, પરંતુ આ તસવીરો પર વીર પહારિયાએ આપેલા રિએક્શને જ સૌથી વધુ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.વીરે આ પોસ્ટની કમેન્ટમાં માત્ર "માય(મારી)" લખ્યું, તેની સાથે એક સ્ટારનો અને એક રેડ હાર્ટનો ઈમોજી મુક્યો હતો. આ પ્રેમની અભિવ્યક્તિ આટલે અટકતી નથી. વીરની આ કમેન્ટના જવાબમાં તારાએ રિપ્લાય કર્યો અને લખ્યું,"માઈન(મારો)" સાથે તેણે ઈવિલ અને રેડ હાર્ટનું ઈમોજી મુક્યું હતું. આ વાતચીતે ઘણાં લોકોનું ધ્યાન ખેંચ્યું છે. બંનેની આ કમેન્ટથી તેઓ બંને પોતાની રિલેશનશિપ જાહેર કરવાનું આયોજન કરી રહ્યા છે, એવી પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. લોકોએ આ બંનેને સુખી જીવનની શુભેચ્છાઓ પણ આપી દીધી હતી. તારા અને વીર વચ્ચેના સંબંધોની ચર્ચા તારાએ આદર જૈન સાથે બ્રેક અપ કર્યું ત્યારથી શરૂ થઈ છે. તેઓ એક જ રેસ્ટોરાંમાંથી અલગ અલગ બહાર આવતા દેખાયા ત્યારથી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. જુનમાં એક ફેશનશોમાં પણ એ બંનેએ સાથે રૅમ્પ વૉક કર્યું હતું.જો તારા સુતરિયાની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે થ્રિલર ફિલ્મ 'અપૂર્વ'માં કામ કર્યું હતું, જેમાં તેની સાથે અભિષેક બેનર્જી અને રાજપાલ યાદવ પણ હતા. આ ફિલ્મ નિખિલ ભટ્ટે ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, જોકે, તારાના કામની નોંધ લેવાઈ હતી. તેમજ વીર પહાડિયાએ છેલ્લે 'સ્કાય ફોર્સ'માં અક્ષય કુમાર સાથે કામ કર્યું હતું.

# આશિષ ચંચલાનીએ એલી અવરામ સાથે ડેટિંગની અટકળો પર તોડ્યું મૌન



તાજેતરમાં જ આશિષ ચંચલાનીએ સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કર્યો હતો, જેમાં તે એલી અવરામને તેડીને ઊભો હતો. એલી અવરામના હાથમાં ફૂલ હતા અને બંને ખિલખિલાટ હસી રહ્યા હતા. તસવીર શેર કરતાની સાથે આશિષે કેપ્શનમાં લખ્યું હતુ 'ફાઈનલી'. આ ફોટો પરથી લોકો અંદાજો લગાવી રહ્યા હતા કે, બંને એકબીજાને ડેટ કરી રહ્યા છે. હવે આશિષ ચંચલાનીએ સોશિયલ મીડિયા લાઈવ દ્વારા આ અફવાઓ પર રમૂજી રીતે પ્રતિક્રિયા આપી છે, જેનો વીડિયો ઈન્ટરનેટ પર વાઈરલ થઈ રહ્યો છે.આશિષ ચંચલાનીએ સોશિયલ મીડિયા લાઈવ દરમિયાન મજાકમાં કહ્યું, 'હું ક્યારેય આ વ્યક્તિને ડેટ કરવાનો નથી. હું પાગલ નથી થઈ ગયો, કારણ કે એલી સાથે કામ કરવું એ સિંહના મોંમાં હાથ નાખવા જેવું છે. શરૂઆતમાં, અમે તેને મજાક તરીકે લીધું કારણ કે મારા ફેન્સ મારી મસ્તી કરવાની આદત પરિચિત છે, પરંતુ અમને નહોતું લાગતું કે આ મજાક આટલી મોટી થઈ જશે.' એલી અવરામે પણ આના પર પ્રતિક્રિયા આપતા કહ્યું, 'જ્યારે લોકોએ મને અભિનંદન આપવાનું શરૂ કર્યું, ત્યારે મને ખબર નહોતી કે મારે શું કહેવું. પરંતુ એ સારું લાગ્યું કે લોકોએ અમને પસંદ કર્યા. હું અને આશિષ ફક્ત સારા મિત્રો છીએ અને આ બધું 'ચંદાનીયા' મ્યુઝિક વીડિયોનો એક ભાગ હતું.''

### સેન્ડવિચ પસંદ નથી, દહીં, દાળ અને તાજુ સલાડ વધારે ગમે છે

# પ્રિયંકા ચોપરા USમાં રહીને વેજિટેરિયન બની રહી છે



પ્રિયંકા ચોપરા જ્યારથી નિક જોનાસ સાથે લગ્ન કરીને યુએસ શિફ્ટ થઈ ત્યારથી તે એક ગ્લોબલ આઈકોન બની ગઈ છે, પરંતુ તે મનથી હજુ પણ સંપુર્ણપણે ભારતીય છે. તેને આજે પણ ભારતીય વાનગીઓ ખૂબ પસંદ છે. તાજેતરમાં જ તેની હોલિવૂડ ફિલ્મ 'હેડ્ઝ ઓફ સ્ટેટ' રિલીઝ થઈ છે, જેમાં તે એક્શન સીન કરતી દેખાય છે. તાજેતરમાં જ તેના પ્રમોશન વખતે તેણે પોતાને ભાવતાં ભોજન અને પસંદગીઓ વિશે વાત કરી હતી.પ્રિયંકાએ કહ્યું, "મારું ડિનર હંમેશા સૂપથી શરૂ થાય છે, એક હુંફાળો સૂપ. પછી મેં જે બપોરના જમવામાં લીધું હોય એ જ ભોજન લઉં છું. એ બહુ જ ટેસ્ટી અને હેલ્ધી હોય છે. કેટલીક બીજી પણ એવી વસ્તુઓ છે, મને દાળ બહુ ભાવે છે, ભીંડા બહુ ભાવે છે, કોબી બટેકા બહુ ભાવે છે. હવે હું વેજિટેરીયન બની રહી છું. એ સિવાય મારે હંમેશા જમવામાં દહીં જોઈએ છે, મને રાયતું ખાવું બહુ જ ગમે છે અને અથાણું પણ ઘણું મહત્વનું છે. સલાડ પણ બહુ મહત્વનું છે."આગળ પ્રિયંકાએ કહ્યું, "હવે જ્યારે હું યુએસ જતી રહી છું, સામાન્ય રીતે મને સેંડવિચ ખાવી ગમતી નથી. મને હંમેશા શેકેલાં શાકભાજી અને ફિશ ગમે છે. મને સારું, ટેસ્ટી અને તાજું બનાવેલું સલાડ ખાવું ગમે છે."ઘણા લોકો પોતાનું ભોજન સૂપથી શરૂ કરવાનું પસંદ કરતાં હોય છે, તે સંતોષ આપે એવું અને પેટ ભરાય એવું હોય છે. તેનાથી ભૂખ પણ ઉઘડે છે અને તેના આરોગ્યને લગતાં ઘણા ફાયદા પણ છે.

### કોઈ ફેન મારી બાલ્કનીમાં સુતેલા મળશે

# સલમાન ખાન પોતાની ઇદ કેમ બુલેટપ્રુફ કાચની અંદર મનાવે છે?

### થોડાં વખત પહેલાં તેના ઘર બહાર ફાયરિંગની પણ ઘટના બની હતી, તેના કારણે સ્થિતિ હવે વધુ ગંભીર બની ગઈ છે



સલમાન ખાનને વારંવાર ધમકીઓ મળે છે અને મારી નાખવાની ચેતવણીઓ પણ મળે છે. તેથી તેણે પોતાની બાલ્કનીમાં બુલેટપ્રુફ કાચ નખાવી દીધા છે. થોડાં વખત પહેલાં તેના ઘર બહાર ફાયરિંગની પણ ઘટના બની હતી, તેના કારણે સ્થિતિ હવે વધુ ગંભીર બની ગઈ છે. તેના કારણે સલમાનની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. પરંતુ તેની ઈદની ઉજવણીએ આ વર્ષે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે સલમાન ખાન ઈદના દિવસે પોતાની બાલ્કનીમાં આવતો અને ઈદના દિવસે પોતાના ફૅન્સનું અભિવાદન ઝિલતો હતો. પરંતુ આ વખતે તે બુલેટપ્રુફ કાચ પાછળ ઉભો હતો. આ બાબત તેના માટે અને તેના ફૅન્સ બંને માટે નવી હતી. તાજેતરમાં સલમાને આ અનુભવ વિશે વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં સલમાન ખાને જણાવ્યું,"બીજા કોઈ કારણસર આવું નથી કર્યું, પરંતુ અમારે હવે સુરક્ષાનું પણ ધ્યાન રાખવું પડશે. કારણ કે ક્યારેક એવું બને છે કે અમારી બાલ્કનીમાં ક્યારેક કોઈ ફૅન્સ સુતેલા જોવા મળે છે. એ લોકો ઉપર ચડી આવતા અને બાલ્કનીમાં સુઈ જતાં હતાં. એટલે અમારે એ જગ્યા બંધ કરી દેવી પડી." જો સલમાનની ફિલ્મની વાત કરવામાં આવે તો હાલ તે 'બેટલ ઓફ ગલવાન'માં કામ કરી રહ્યો છે. તેમાં ઈન્ટેન્સ એક્શન સીન માટે તે ભરપુર તૈયારીઓ કરી રહ્યો છે. ૫૯ વર્ષની ઉંમરે તેના માટે વારંવાર આટલી મહેનત કરવી પણ દિવસે અને દિવસે અઘરી થતી જાય છે. પોતાના ભૂતકાળના દિવસો યાદ કરતા સલમાને કહ્યું, હું એક કે બે અઠવાડિયા માટે જ કસરત કરતો હતો. હાલની સ્થિતિ અંગે વાત કરતા સલમાને કહ્યું,"હાલ હું દોડું છું, કિકિંગ, પંચિંગ એવી બધી કસરકો કરું છું, આ ફિલ્મ માટે તેની જરૂર છે." અપુર્વ લાખિયાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૨૦૨૦માં ભારતીય સેના અને ચીનના સૈન્ય વચ્ચે ગલવાન વેલીમાં થયેલી ટક્કર પર આધારીત છે.

# ગુજરાત રાજ્ય સબ-જુનિયર બોક્સિંગ ટુર્નામેન્ટ માં વડોદરાના વંશીલ પટેલે સિલ્વર મેડલ જીત્યો





। (માહિતી) વડોદરા, તા.૨૪ ।

વડોદરાના સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થી વંશીલ હિમાંશુ પટેલે ગુજરાત રાજ્ય સબ-જુનિયર બોક્સિંગ ટુર્નામેન્ટમાં ૭૦+ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીતીને શહેરનું ગૌરવ વધાર્યું છે. આ તેની પ્રથમ સ્પર્ધા હતી, જેમાં તેણે મેડલ જીતીને સફળતા પ્રાપ્ત કરી છે. ધ દોજો એમએમએ એન્ડ ફિટનેસ (The Dojo MMA & Fitness) ખાતે તાલીમ લઈ રહેલો વંશીલ શરૂઆતમાં ફિટનેસ માટે એકેડમીમાં જોડાયો હતો, પરંતુ નિયતિએ તેના માટે કંઈક અલગ જ યોજના બનાવી હતી. દિલ્હી પબ્લિક સ્કૂલ, હરણીમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરતો વંશીલ છેલ્લા સાત-આઠ મહિનાથી તેના પિતા સાથે એમએમએ શીખી રહ્યો છે.

ગુજરાતની પ્રથમ મહિલા એમએમએ ફાઈટર કે જે મેટ્રિક્સ ફાઈટ નાઈટમાં જોવા મળ્યા હતા તેવા અનુભવી ટ્રેનર ઈશિકા ઠીટે તેને તાલીમ અપાઈ હતી. ઈશિકાએ જણાવ્યું કે, “તેણે શારીરિક તંદુરસ્તી, વજન ઘટાડવા અને અન્ય સમસ્યાઓ સુધારવા માટે સેન્ટરમાં પ્રવેશ મેળવ્યો હતો. પરંતુ મહિનાઓની તાલીમે તેને ઘણો આત્મવિશ્વાસ, સારું માનસિક સ્વાસ્થ્ય, સુધારેલી આત્મરક્ષણ કુશળતા અને વ્યક્તિગત વિકાસ આપ્યો. તેની પ્રથમ સ્પર્ધામાં મેડલ જીતવાથી તેને આગામી ટુર્નામેન્ટમાં ગોલ્ડ માટે જવાનો ઉત્સાહ અને ઘણો આત્મવિશ્વાસ મળ્યો. તે કૌશલ્યો અને શારીરિક તંદુરસ્તી વિકસાવવાનું અને બોક્સર અથવા એમએમએ પ્લેયર તરીકે વધુ સારી કારકિર્દી બનાવશે. તેને ત્યારે ખબર નહોતી કે ફક્ત ફિટ થવા માટે એમએમએમાં જોડાવાથી તેને સિલ્વર મેડલ મળશે.”

સૌથી સારી વાત એ છે કે વંશીલ પટેલ તેના પિતા સાથે તાલીમ લઈ રહ્યો છે, અને તેમને પણ વંશીલ ને ખૂબ સારું પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વંશીલના પિતા હિમાંશુ પટેલે ઉમેર્યું હતું કે, “મારા પુત્ર સાથે એમએમએમાં તાલીમ લેવી એ એક અવિશ્વસનીય રીતે લાભદાયી અનુભવ બની શકે છે; તે રમતગમતના ભૌતિક પાસાઓ ઉપરાંત મૂલ્યવાન જીવન પાઠ શીખવવામાં મદદ કરે છે.”

વંશીલે તેના ટ્રેનર ઈશિકા ઠીટે અને બોક્સિંગ ટ્રેનર રજનીશ સરનો તેમના એમએમએ અને બોક્સિંગ કૌશલ્યો સુધારવામાં મદદ કરવા બદલ આભાર માન્યો હતો, જેના કારણે તેને બોક્સિંગ ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીતવામાં મદદ મળી.

# દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ બી નિરગૂડેના અધ્યક્ષ સ્થાને યોજાયો જિલ્લા સ્વાગત કાર્યક્રમ



। (માહિતી) દાહોદ, તા.૨૪ ।

દાહોદ જિલ્લાના લોકોના પ્રશ્નો, ફરિયાદો કે રજૂઆતો સ્થાનિક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ થઈ શકે તે હેતુથી જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. જે અંતર્ગત જુલાઈ માસનો સ્વાગત કાર્યક્રમ કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને યોજાયો. જુલાઈ માસના સ્વાગત કાર્યક્રમમાં પાક નુકસાની વળતર, અરજદારે બેંકમાં કરેલ બચત મેળવવા સંબંધિત પ્રશ્ન, RTE અંતર્ગત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી પાસેથી ફિ ઉઘરાવવા બાબતે રજુઆત, સહિતના અરજદારો ઉપસ્થિત રહ્યાં હતા. તમામ અરજદારોના પ્રશ્નો સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી બને તેટલા ઓછા સમયમાં ઝડપથી અરજદારોના પ્રશ્નોનો ઉકેલ લાવવા દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ બી.નિરગૂડે દ્વારા સુચન કરાયા હતા. સાથે જ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ અને સમય મર્યાદામાં કાર્ય કરવા તંત્રના સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લાની તમામ શાળાઓમાં RTE અંતર્ગત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારની શાળામાં ફી ઉઘરાવવામાં આવી છે કે કેમ તેની તાત્કાલીક તપાસ કરવા અને કોઈ શાળા સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ નિયમનું ઉલ્લંઘન કરતી હોય તેની સામે કડક પગલા લેવા જણાવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. એમ. રાવલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજદિપસિંહ ઝાલા, સહિત અન્ય સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પીએમ કિસાન યોજનાનાં રૂ. ૨૦૦૦ના આગામી હપ્તા માટે ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત

। (માહિતી) બોટાદ, તા.૨૪ ।

એગ્રીસ્ટેક પ્રોજેકટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારનાં સંયુક્ત પ્રયાસોથી ફાર્મ રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે. રાજ્યમાં ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ થી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારે પીએમ કિસાન યોજનાનાં રૂ. ૨૦૦૦ ના આગામી હપ્તા માટે ખેડૂત આઈ. ડી.ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. આગામી તા.૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રેશન કરવા તાકીદ કરવામા આવે છે.

એગ્રીસ્ટેક પ્રોજેકટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રીનો મુખ્ય ઉપયોગ કૃષિ તથા સંલગ્ન વિભાગો દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ જિલ્લાનાં તમામ ખેડૂતોને સરળ, પારદર્શક, અને સમયસર પુરો પાડી શકાય તે માટેનો છે. આ સિવાય ફાર્મર રજીસ્ટ્રીથી ખેડૂતોની ઓળખ પ્રસ્થાપિત કરી શકાશે. તેમજ કૃષિ સેવાઓ જેવી કે કૃષિ ધિરાણ, ટેકાના ભાવે ખરીદી, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના જેવી યોજનાઓના લાભ ખેડૂતોને ઝડપથી પહોંચાડવાના માટેનો છે.

ઉલ્લેખનીય છે કે આજ દિન સુધીમાં બોટાદ જિલ્લામાં ૭૨૦૭૧ થી વધુ ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ખેડૂત નોંધણી કરાવેલ છે. જેમાં બરવાળા તાલુકામાં ૧૦૧૧૮, બોટાદ તાલુકામાં ૨૧૪૮૭, ગઢડા તાલુકામાં ૨૪૮૦૫ અને રાણપુર તાલુકામાં ૧૫૬૬૧ જેટલા ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ખેડૂત નોંધણી કરાવેલ છે. આથી બાકી રહેતાં બરવાળા તાલુકાનાં ૧૪૮૦, બોટાદ તાલુકાનાં ૫૫૬૧, ગઢડા તાલુકાનાં ૪૨૧૩ અને રાણપુર તાલુકાનાં ૨૬૧૩ જે તાલુકાઓના કુલ ૧૩૮૬૭ જેટલાં પીએમ કિસાન યોજનાનાં લાભાર્થી તમામ ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત કચેરીએ વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રીન્યોર(વીસીઈ) તથા કોમન સર્વિસ સેન્ટર (સીએસસી)નો તેમજ ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરી ખેડૂત રજીસ્ટ્રેશન કરાવી શકશે. હાલમાં જિલ્લામાં કામગીરી સતત ચાલું છે, અને તમામ ગામોમાં આ કામગીરીની તા.૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા ખાસ જણાવવામાં આવે છે. આ માટે જિલ્લા અને તાલુકાનાં ખેતી વિભાગ દ્વારા તમામ ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રી ( ખેડૂત નોંધણી) કરાવવા અનુરોધ કરવામા આવે છે.

આ ઉપરાંત ખેડૂતો પોતાની જાતે સેલ્ફ રજીસ્ટ્રેશન થકી પણ ખેડૂત નોંધણી કરી શકશે. બહાર ગામ રહેતાં ખેડૂતોએ https://gjfr.agristack.gov.in/farmer-registry-gj/#/ વેબસાઈટ પર જઈ સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકે છે અથવા કોઈ પણ નજીકનાં સી.એસ.સી. (કોમ્પ્યુટર સહાયતા કેન્દ્ર) પર જઈ ફાર્મર રજીસ્ટ્રી કરાવી શકે છે. આ માટે તમામ ખેડૂતોએ આધાર કાર્ડ / જમીનનાં ઉતારાની નકલ -૮અ અથવા વિગત તેમજ આધાર કાર્ડ લીંક હોય તે મોબાઈલ અથવા અન્ય મોબાઈલ સાથે રાખવો ખાસ જરૂરી છે અને દસ્તાવેજની નકલ કોઈ પણ ઓપરેટરને આપવાનાં રહેતી નથી ફક્ત વિગતો માટે ઓપરેટરને બતાવવાની રહે છે.

બોટાદ જિલ્લાનાં તમામ ખાતેદાર ખેડૂત ભાઈઓ અને બહેનોએ ફાર્મર રજીસ્ટ્રી કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી બોટાદ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# પ્રાકૃતિક ખેતી માત્ર એક ટેકનિક નથી, પરંતુ એક વિચાર છે, જે આપણને પ્રકૃતિ સાથે જોડે છે

। (માહિતી) બોટાદ, તા.૨૪ ।

પ્રાકૃતિક ખેતી દ્વારા ટામેટાં ઉગાડવાં એ પર્યાવરણને અનુકૂળ અને આરોગ્યપ્રદ માર્ગ છે, જે માત્ર જમીનની ફળદ્રુપતા જાળવી રાખે છે એટલું જ નહીં, પરંતુ ઉત્પાદનને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પણ બનાવે છે. આ પ્રક્રિયામાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ બિલકુલ થતો નથી, પરંતુ જમીનમાં ગાયનું છાણ, ગૌમૂત્ર, લીમડાનો અર્ક, છાશ વગેરે જેવાં જૈવિક પદાર્થોનો ઉપયોગ થાય છે. ટામેટાની ખેતી માટે સૌ પ્રથમ તો ખેતરને સારી રીતે ખેડવું જોઈએ, જેથી જમીન નરમ બની જાય. આ પછી, પ્રાકૃતિક ખાતર અથવા ગાયનાં છાણનું જીવામૃત જમીનમાં ભેળવવામાં આવે છે. સારી જાતનાં ટામેટાંના બીજને વર્ગીકૃત કરીને વાવેતર કરતાં પહેલા થોડા કલાકો સુધી બીજામૃતમાં પલાળવામાં આવે છે, જે બીજની રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે. નર્સરીમાં બીજ વાવવામાં આવે છે અને છોડ લગભગ ૨૦ થી ૨૫ દિવસ જૂના હોય ત્યારે તેને ખેતરમાં વાવવામાં આવે છે. વાવેતર કર્યા બાદ ખેતરમાં ભેજ જળવાઈ રહે તે માટે હળવી સિંચાઈ કરવામાં આવે છે. જીવામૃત કે ઘનજીવનૃતનો અઠવાડિયામાં એકાદ-બે વાર છંટકાવ કરવાથી છોડના વિકાસમાં ફાયદો થાય છે. જો જીવાતની સમસ્યા હોય તો લીમડાનો અર્ક, લસણ અને હીંગનું મિશ્રણ છાંટવામાં આવે છે, જેનાથી જીવાતો દૂર રહે છે અને પાક સુરક્ષિત રહે છે. ટામેટાની વેલને ટેકો આપવા માટે લાકડાં અથવા વાંસનો ટેકો આપી શકાય છે.

# અદાણી યુનિવર્સિટીનું નવદિક્ષા ૨૦૨૫ સાથે ભાવિ ઘડતા-તૈયાર સમૂહમાં પદાર્પણ



। અમદાવાદ, તા.૨૪ ।

અદાણી યુનિવર્સિટીએ ગત તા..૨૧ જુલાઈના સોમવારે તેના શૈક્ષણિક ઈન્ડક્શન પ્રોગ્રામ, નવદિક્ષા ૨૦૨૫ ખુલ્લો મૂક્યો છે. આ પ્રોગ્રામ અંતર્ગત મુખ્ય સંકલિત બી.ટેક+ એમબીએએમ ટેક પ્રોગ્રામ્સમાં પ્રવેશતા વિદ્યાર્થીઓ નવા સમૂહને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં ચાવીરુપ સંબોધનમાં પ્રોગ્રામ્સના મુખ્ય પાસાઓ અને વ્યૂહાત્મક દ્રષ્ટિ ઉપર પ્રકાશ પાડી, આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા ટકાઉપણું અને રાષ્ટ્ર-નિર્માણની દીશામાં આકાર પામી રહેલા નવા ઔદ્યોગિક યુગ માટે ભારતના યુવાનોને સજ્જ કરવાની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને દર્શાવી હતી.

સરકારની રાષ્ટ્રિય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુસરી રચાયેલ સંકલિત અભ્યાસ કાર્યક્રમો ગહન વૈજ્ઞાનિક કુશળતા, બહુવિધ શિસ્તસભર શિક્ષણ અને તકનીકી, ઉર્જા તથા માળખાગત સુવિધાઓમાં વાસ્તવિક-વિશ્વ કાર્યક્રમોમાં નેતૃત્વ કરવાની અદાણી યુનિવર્સિટીની નીતિને પ્રતિબિંબિત કરે છે. દિનભરના ઉદ્ઘાટકીય કાર્યક્રમ થકી પ્રખ્યાત મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને હાર્વર્ડ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. રામ ચરણ અને અદાણી ગ્રુપના ચીફ ટ્રાન્સફોર્મેશન ઓફિસરશ્રી સુદિપ્ ભટ્ટાચાર્ય સહિતના વૈશ્વિક વિચારશીલ નેતાઓ એક સાથે એકત્ર થયા હતા. જે દેશના વિકાસલક્ષી મિશનમાં સંસ્થાના વૈશ્વિક દષ્ટિકોણ અને મૂળિયાને મજબુત બનાવવાનો હેતુ દર્શાવે છે.

અદાણી યુનિવર્સિટીની વિજ્ઞાન ફેકલ્ટીના વડા પ્રોફેસર સુનિલ ઝાએ આ સમારોહને ખુલ્લો મૂકતા “ફિઝીકલ એઆઈ”ના યુગમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતના વધતા મહત્વ ઉપર ભાર મૂક્યો હતો.

બેઈજિંગની એનબીડીએસના સીઈઓ જેન્સેન વોંગની વૈશ્વિક સલાહને ટાંકીને, પ્રો.ઝાએ જે રીતે એઆઈ રોબોટિક્સ અને ઓટોમેશન સાથે સંકલન કરી, શારીરિક કાયદાઓ ગ્રહણ કરી સફળતાને વ્યાખ્યાયિત કરશે. તે રીતે વિદ્યાર્થીઓને કોડિંગથી આગળ જોવા અને વાસ્તવિક દુનિયાના મિકેનિક્સને સમજવા વિનંતી કરી હતી.

ડો. રામ ચરણે સમગ્ર ખંડોમાં છ દાયકાના પોતાના અનુભવને સરળ ભાષામાં પણ ઉંડાઈથી પ્રતિબિંબિત કર્યો હતો. ઈશ્વરે તમને આપેલી પ્રતિભા શોધીને પ્રતિબદ્ધતા સાથે અનુસરવા અને ક્યારેય શીખવાનું બંધ ન કરવા તેમણે શીખ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને દરરોજ પ્રતિબિંબ જોવા, પોતાની જાતને સતત પ્રશ્નો પૂછવા અને હેતુ અને મોજ માટે શોધના મેદાન તરીકે યુનિવર્સિટીનો સંપર્ક કરવાની સલાહ આપી હતી.

અદાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ, ડો. રવિ પી સિંહે તેમના સંબોધનમાં ભારતના વિદ્યાર્થીઓને આવકારતા ભારપૂર્વક જણાવ્યું હતું કે કોમ્પ્યુટર સાયન્સથી લઈ એનર્જી એન્જીનિયરીંગ સુધીના શૈક્ષણિક અભ્યાસક્રમો તેમને વાસ્તવિક-વિશ્વના પ્રભાવ માટે સજ્જ કરે છે. તેમણે કહ્યું હતું કે જો તમારું લક્ષ્ય એઆઈ, ટકાઉપણું અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે તો તમે યોગ્ય સમયે, યોગ્ય સ્થાને છો. અન્યોના આંધળા અનુસરણ અને રાષ્ટ્ર નિર્માણના કાર્ય તરીકે જોવાની જગ્યાએ ભણતરને જીવનમાં પોતાની હરોળનું નિર્માણ કરવા માટે તેમણે વિદ્યાર્થીઓને પડકાર જીલી લેવા આહવાન કર્યું હતું.

શ્રી સુદીપ્તા ભટ્ટાચાર્યએ ભવિષ્યનો આકર્ષક રોડમેપ રજૂ કર્યો. તેમણે માનવની સમજણ શક્તિને પડકારવા માટે પ્રથમ ઈન્ડસ્ટ્રીઅલ શિફટ તરીકે એઆઈની ક્રાંતિને ગણાવીને વિદ્યાર્થીઓને સપષ્ટ, જીજ્ઞાસાયુકત નૂતન બનવા વિનંતી કરી હતી. “હવે મશીનો વિચારી શકે છે. પરંતુ ફક્ત મનુષ્ય જ માને છે, સહયોગ કરી શકે છે અને હેતુ સાથે સર્જન કરી શકે છે, એમ તેમણે કહ્યું હતું. તેમણે ટેક્નોલજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભાવિ વ્યાવસાયિકો માટે અદાણી સમૂહના હાલ ૯૦ અબજ ડોલરના રોકાણનો ઉલ્લેખ કરી તેને એક વિશાળ તક તરીકે ગણાવી હતી.

અદાણી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. અમિશકુમાર વ્યાસે આભાર દર્શન કર્યું હતું.

# ગુજરાતના ૮ શહેરો સહિત સમગ્ર રાજ્ય માટે લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન પૂર્ણતાના આરેઃ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

। (માહિતી) ગાંધીનગર, તા.૨૪ ।



ગુજરાતના ૮ શહેરો માટે સિટી લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન અને સમગ્ર રાજ્ય માટે લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે પૂર્ણ થવાના તબક્કામાં છે. આ માસ્ટર પ્લાન પરિપૂર્ણ થતાં ઉદ્યોગો માટે માલસામાનના પરિવહનની જરૂરિયાતને ઓળખીને તેમાં સુધારો કરવાની સાથેસાથે શેલ્ફ ઓફ પ્રોજેક્ટને તૈયાર કરવામાં મદદરૂપ પણ થશે, તેમ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે GIDBની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ-GIDBની લોજિસ્ટિક્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ સહિતની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા અમલમાં મુકવામાં આવતા મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સ કે જેમનું મૂલ્ય રૂ. ૫૦૦ કરોડથી વધુ હોય, તેમને લગતા મુદ્દાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ મિકેનિઝમ હેઠળ સમીક્ષા કરવામાં આવતી હોય છે. જે અંતર્ગત રાજ્ય સરકારની નોડલ ઓફિસ તરીકે GIDB આ તમામ મુદ્દાઓનો ઝડપથી ઉકેલ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવે છે. આ બેઠકમાં મંત્રી શ્રી રાજપૂતે GIDBના ઉચ્ચ અધિકારીઓને અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમ કુલ ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સિટી લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન ઝડપથી પૂર્ણ કરવા અને Unified Logistics Interface Platform-ULIP ડેટાબેઝ બનાવવા પર ભાર મૂક્યો હતો. વધુમાં, મંત્રીશ્રીએ અધિકારીઓને Logistics Ease Across Different States-LEADS સર્વેમાં આગળ રહેવાના પ્રયાસો ચાલુ રાખવા પણ જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિકસિત ભારત@૨૦૪૭’ના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત પણ કદમથી કદમ મિલાવીને સહભાગી થઈ રહ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

**તુલા (ર,ત) :**

આજે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સવારે ધ્યાન રાહત લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મુંઝવણ તમને થશે.

**મકર (ખ,જ) :**

આજે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે.



પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીઓના જળસ્તર ઘટતાં સંગમ ખાતેના વિસ્તારનું હવાઈ દૃશ્ય.

મતદાર યાદી સુધારાના વિવાદ વચ્ચે આરજેડી નેતાનું મોટું નિવેદન

# બિહાર ચૂંટણીના બહિષ્કારના વિકલ્પ ની વિચારણા કરીશું: તેજસ્વી યાદવ

## બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સઘન સુધારાનો વિપક્ષ પટણાથી લઇને નવી દિલ્હી સુધી ઉગ્ર વિરોધ કરી રહ્યો છે

। (એજન્સી) પટણા, તા.૨૪ ।

બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સઘન સુધારાનો વિપક્ષ પટણાથી લઈને નવી દિલ્હી સુધી ઉગ્ર વિરોધ કરી રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવે રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો સંકેત આપતાં જણાવ્યું હતું કે બહિષ્કારના મુદ્દે સાથી પક્ષો સાથે ચર્ચા થઈ શકે છે અને જનતા શું ઈચ્છે તે પણ અમે જોઈશું.તેજસ્વીએ જણાવ્યું હતું કે જનતાની લાગણી અને તમામ પક્ષોના સામૂહિક અભિપ્રાયને પ્રાથમિકતા અપાશે. તેજસ્વી



યાદવના આ નિવેદનને વિપક્ષની સંભવિત આકરી રણનીતિ તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે તેમણે સ્પષ્ટપણે કહ્યું ન હતું કે ચૂંટણીનો બહિષ્કાર કરાશે, પરંતુ તેમણે ચોક્કસપણે કહ્યું હતું કે આ વિકલ્પ પર વિચાર કરાશે. ચૂંટણીનો બહિષ્કાર શક્ય છે કે નહીં તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે બહિષ્કાર એક વિકલ્પ છે, અમે તેના વિશે વિચારીશું. અંતિમ નિર્ણય લેતા પહેલા અમે અમારા ગઠબંધન ભાગીદારો અને જનતા સાથે વિચારવિમર્શ કરીશું. જો ભાજપ નકલી મતદાર યાદીઓનો ઉપયોગ કરીને સરકાર ચલાવવા માંગતી હોય, તો તેમને એક મુદત લંબાવી દો. જો આખી પ્રક્રિયા અપ્રમાણિક હોય તો ચૂંટણી કરાવવાનો શું અર્થ છે.દરમિયાન ચૂંટણીપંચે જણાવ્યું હતું કે બિહારમાં મતદાર યાદીના ચાલી રહેલા ખાસ સઘન સુધારામાં એક લાખ જેટલા મતદારોને શોધી શકાય નથી. અત્યાર સુધી ૭.૧૭ કરોડ લોકોના ગણતરી ફોર્મ પ્રાપ્ત થયા છે અને ડિજિટાઈઝ કરવામાં આવ્યા છે.

## ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થી પર રંગભેદને લીધે હુમલો થયો

। (એજન્સી) એડિલેડ, તા.૨૪ ।

ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં ૧૯ જુલાઈની રાત્રે એક ૨૩ વર્ષીય ભારતીય વિદ્યાર્થી ચરણપ્રીત સિંહ પર રંગભેદના આધારે પાંચ લોકો દ્વારા હુમલો કરાયો હતો. આ ગ્રૂપના લોકોએ ચરણપ્રીત પર ભારતીય હોવાના કારણે અપશબ્દો બોલ્યા અને ક્રૂર રીતે મારપીટ કરી હતી, જેના કારણે તેને માથા પર ગંભીર ઈજા પહોંચી છે, અને ચહેરાના હાકડા તૂટી ગયા છે. આ ઘટનાએ ઓસ્ટ્રેલિયામાં આંતરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ પેદા થઈ છે અને ભારતીય સમુદાયમાં રોષ ફેલાયો છે. આ પહેલા આયરલેન્ડમાં પણ એક ભારતીય નાગરિકની ગંભીર રીતે મારપીટ કરાતાં તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. મીડિયા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીની સાથે મારપીટની ઘટના શનિવારની રાત્રે લગભગ ૯-૨૨ કલાકે એડિલેડના કિન્ટોર એવેન્યુની પાસે બની હતી. ચરણપ્રીત સિંહ પોતાની પત્નીની સાથે શહેરના લોકપ્રિય ઈલ્યુમિનેટ લાઈટ ઈન્સ્ટોલેશન જોવા માટે પોતાની કાર પાર્ક કરીને બહાર નીકળ્યો હતો. પાંચ લોકો તેની કાર પાસે આવ્યા અને તકરાર બાદ મારપીટ કરી હતી.

## સોનામાં ભાવ રૂપિયા ૧૦૦૦ ઉછળી નવી ઐતિહાસિક ટોચે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વૈશ્વિક સ્તરે અનિશ્ચતતાના વાદળો વચ્ચે સોના-ચાંદીના ભાવ ફરી એકવાર ઊંચકાયા છે. છેલ્લા બે-ત્રણ દિવસથી રૅકોર્ડ સ્તરે ક્વોટ થઈ રહેલા સોનાના ભાવ આજે ઉછળી ફરી નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ વચ્ચે ટેરિફની ચીમકીથી કિંમતી ધાતુમાં તેજી આવી છે. ઈક્વિટી, ફોરેક્સ માર્કેટમાં વોલ્યુમ ઘટતાં હેજિંગ માટે સોના-ચાંદીમાં રોકાણ વધ્યું છે. અમદાવાદમાં આજે સોનાનો ભાવ રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૧૦૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલ ટાઈમ હાઈલ્ર સપાટીએ પહોંચ્યો છે. ૯૯૫ સોનાની કિંમત પણ રૂ. ૧૦૦૦ વધી રૂ. ૧૦૩૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ટોચે પહોંચી છે. ચાંદી પણ રૂ. ૨૫૦૦ ઉછળી રૂ. ૧૧૭૫૦૦ પ્રતિ કિગ્રાની રૅકોર્ડ ટોચે પહોંચી છે. અમેરિકા-ઈયુ વચ્ચે ટ્રેડ ડીલ થવાની શક્યતાઓ ઘટતાં વૈશ્વિક અનિશ્ચિતતા સર્જાઈ છે. ભારત અને અમેરિકા વચ્ચે પણ ટ્રેડ ડીલ અંતિમ તબક્કામાં હોવા છતાં હજી કોઈ પરિણામ આવ્યું નથી. યુએસ-જાપાનની ડીલની જાહેરાત બાદ વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં નજીવુ કરેક્શન જોવા મળ્યું હતું.

## કાર લઈને મુંબઈથી ગોવા હવે ૧૨ કલાકમાં પહોંચી જવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

કોંકણ રેલ્વે કોર્પોરેશન લિમિટેડ (KRCL) ભારતમાં પહેલી વાર કાર માટે ફેરી ટ્રેન સેવા શરૂ કરવા જઈ રહ્યું છે. મહારાષ્ટ્રના કોલાદથી ગોવાના વર્ના સુધી ટ્રેનમાં કાર લઈ જવાની સુવિધા શરૂ કરાશે. જેમાં મુસાફરો પોતે ટ્રેનમાં પોતાની કાર પણ લઈ જઈ શકશે. આ સેવા ગોવા જતા લોકો માટે ખૂબ જ સારી સાબિત થશે. ખાસ કરીને રજાઓ અને તહેવારોમાં તે ખૂબ જ ઉપયોગી થશે. રસ્તામાં ઘણો ટ્રાફિક અને વળાંકવાળા રસ્તાઓ હોવાથી હાલ મુંબઈ કે પુણેથી ગોવા રોડ માર્ગે જવા માટે ૨૦થી ૨૨ કલાકનો સમય લાગે છે. જ્યારે આ નવી ફેરી ટ્રેન ફક્ત ૧૨ કલાકમાં આ અંતર કાપશે. આનાથી મુસાફરી ઝડપી, સલામત અને આરામદાયક બનશે. KRCLના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સેવા હાઈવે પર ટ્રાફિક ઘટાડશે. ખાસ કરીને ગણેશોત્સવ દરમિયાન હજારો પરિવાર ગોવા જાય છે. ફેરી સેવાના કારણે ઓછા સમયમાં ગોવા પહોંચી શકાશે. તેમજ ગોવામાં ટેક્સી માફિયા દ્વારા વસૂલવામાં આવતા મસમોટા ટેક્સી ભાડાથી પણ બચી શકાશે.

ભારત સામે પાકિસ્તાન ઘૂંટણીએ

# પાકિસ્તાન ભારત સાથે અર્થપૂર્ણ વાતચીત માટે તૈયાર : શેહબાઝ

## શરીફે ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવને ઘટાડવામાં બ્રિટનની ભૂમિકાની પણ પ્રશંસા કરી, જે બંને દેશો વચ્ચે શાંતિની શક્યતાઓને દર્શાવે છે

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૨૪ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે વિવિધ મુદ્દે ઘણા મતભેદ અને તણાવો ચાલી રહ્યા છે. ખાસ કરીને પહેલગામ હુમલા બાદ બંને દેશો વચ્ચે થયેલી લશ્કરી કાર્યવાહી બાદ આ તણાવમાં વધારો થયો છે. ત્યારે હવે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે ભારત સાથેના તમામ વિવાદો ઉકેલવા માટે વાતચીનની તૈયારી દર્શાવી છે.

આ નિવેદન તેમણે બ્રિટિશ હાઈ કમિશનર જેન મેરિયટ સાથે ઈસ્લામાબાદમાં થયેલી મુલાકાત દરમિયાન આપ્યું હતું. શહબાઝ શરીફે બ્રિટનની હાઈ કમિશનર સાથેની



બેઠકમાં જણાવ્યું કે પાકિસ્તાન ભારત સાથેના તમામ મુદ્દાઓ પર ખુલ્લી અને રચનાત્મક ચર્ચા માટે તૈયાર છે. આ ઉપરાંત બેઠકમાં દ્વિપક્ષીય સંબંધો ઉપરાંત દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયાના વર્તમાન પરિસ્થિતિ અંગે પણ વાતચીત થઈ. શરીફે ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવને ઘટાડવામાં બ્રિટનની ભૂમિકાની પણ પ્રશંસા કરી, જે બંને દેશો વચ્ચે શાંતિની શક્યતાઓને દર્શાવે છે.

ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે તે પાકિસ્તાન સાથે માત્ર બે મુદ્દાઓ – પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીર (Pko)ની વાપસી અને આતંકવાદ – પર જ વાતચીત કરશે. મે ૨૦૨૫માં પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને Pkoમાં આતંકી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. આ ઘટનાએ ચાર દિવસ સુધી ભારે તણાવ ઊભો કર્યો હતો, જે ૧૦ મેના રોજ બંને દેશોના સૈન્ય કાર્યવાહી રોકવાના સમજૂતી સાથે સમાપ્ત થયો. શહબાઝ શરીફે બ્રિટન સરકારના પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA)ની ઉડાનો ફરી શરૂ કરવાના નિર્ણયનું સ્વાગત કર્યુ. તેમણે જણાવ્યું કે આ નિર્ણયથી બ્રિટનમાં રહેતા પાકિસ્તાની સમુદાયને મોટી રાહત મળશે અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો વધુ મજબૂત થશે. આ પગલું બંને દેશો વચ્ચેના આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને પણ નવી ગતિ આપશે.

રિઝર્વેશન ચાર્ટ પછી હવે ઇમર્જન્સી ક્વોટાના નિયમોમાં પણ ફેરફાર

# રેલવેમાં ઇમર્જન્સી ક્વોટાની વિનંતી હવે એક દિવસ પહેલાં કરવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ટ્રેન ઉપડવાના આઠ કલાક પહેલા રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાના તાજેતરના નિર્ણયને ધ્યાનમાં રાખીને રેલ્વે મંત્રાલયે ઈમર્જન્સી ક્વોટા માટેની રિકવેસ્ટ સબમિટ કરવાના સમયમાં ફેરફાર કર્યો કર્યો છે. હવેથી આવા ક્વોટા માટેની રિકવેસ્ટ ટ્રેન ઉપડવાના ઓછામાં ઓછા એક દિવસ પહેલા કરવી પડશે. ટ્રેન ઉપડવાના દિવસે કરાયેલી આવી રિકવેસ્ટ ધ્યાનમાં લેવાશે નહીં.મંત્રાલયે એક પરિપત્ર જારી કરી જણાવ્યું છે કે રાત્રે ૧૨ વાગ્યાથી બપોર ૨ વાગ્યા વચ્ચે ઉપડતી તમામ ટ્રેનો માટે ઈમર્જન્સી ક્વોટા વિનંતી મુસાફરીના આગલા દિવસે ૧૨ વાગ્યા સુધી ઈમર્જન્સી ક્વોટા (EQ) સેલ પર પહોંચવી જોઈએ. બપોર ૨.૦૧ કલાકથી રાત્રે ૧૧.૫૯ કલાકની વચ્ચે ઉપડતી બાકીની તમામ ટ્રેનો માટે ઈમર્જન્સી ક્વોટા વિનંતી મુસાફરીના આગલા દિવસે બપોરે ૪ વાગ્યા સુધી ઈઉ સેલ પર પહોંચવી જોઈએ.મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના દિવસે જ પ્રાપ્ત થયેલી આવી રિકવેસ્ટ પર ધ્યાન આપવામાં આવશે નહીં.આ ઉપરાંત રવિવાર અથવા જાહેર રજાઓના કિસ્સામા પણ પરિપત્રમાં ઈમર્જન્સી ક્વાટાના સમયનો ઉલ્લેખ કરાયો છે. મંત્રાલયે જણાવ્યું છે કે રજાના દિવસે દોડતી ટ્રેનો માટે ક્વોટા વિનંતીઓ કાર્યકારી દિવસોની જેમ જ સ્વીકારવામાં આવશે. પરિપત્રમાં જણાવાયું છે કે રેલ્વે બોર્ડના રિઝર્વેશન સેલને VIP, રેલ્વે અધિકારીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય વિભાગો તરફથી મોટી સંખ્યામાં વિનંતીઓ મળે છે અને ક્વોટાને સામાન્ય સમજદારી પૂર્વક ફાળવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવે છે.

ઈરાદાપૂર્વક લોન ન ચૂકવનારા

# ૧૬૦૦ ડિફોલ્ટર્સે બેન્કોના ૧.૬૨ લાખ કરોડ ચાંઉ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય બેન્કો પર લોનનું ભારણ વધી રહ્યું છે, જે સાથે જ લોન લેનારા એવા લોકોની સંખ્યા પણ વધી રહી છે કે જેઓ લોનની રકમ ચુકવવા સક્ષમ હોવા છતા નથી ચુકવી રહ્યા. સંસદમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશભરની બેન્કોમાંથી કરોડો રૂપિયાની લોન લઈને તેને ચુકવવાની ના પાડનારા વિલફુલ ડિફોલ્ટર એટલે કે આર્થીક રીતે સક્ષમ નાદારોની સંખ્યા ૧૬૦૦થી પણ વધુ છે. આ લોકો બેન્કોના આશરે ૧.૬૨ લાખ કરોડ રૂપિયા દબાવીને બેઠા છે. રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાણામંત્રી પંકજ ચૌધરીએ સંસદમાં ખુલાસો કર્યો હતો કે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી પીએસયુ બેન્કોએ ૧૬૨૯ કોર્પોરેટ ડિફોલ્ટર્સની ઓળખ કરી છે કે જેઓ ઈરાદાપૂર્વક લોન નથી ચુકવી રહ્યા. આ તમામ વિલફુલ ડિફોલ્ટર્સ પર કુલ મળીને ૧૬૨૯૬૧ કરોડ રૂપિયાનું દેવુ છે, જે ચુકવવાની ના પાડી રહ્યા છે. બેન્કો દ્વારા સીઆરઆઈએલસીને જે રિપોર્ટ સોંપવામાં આવ્યો તેના આધારે આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. મંત્રીએ દાવો કર્યો હતો કે સરકાર હાલ આવા વિલફુલ ડિફોલ્ટર્સને લઈને કેટલાક પગલા લઈ રહી છે, જેમ કે આવા લોકોને નવુ સાહસ શરૂ કરવા માટે વધારાની લોન નથી અપાતી. ડિફોલ્ટર્સ સાથે જોડાયેલી કંપનીઓને કેપિટલ માર્કેટમાં પ્રવેશ નથી અપાતો. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના માસ્ટર ડાયરેક્શન મુજબ બેન્કોએ દર મહિને વિલફુલ ડિફોલ્ટર્સની યાદી ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ (સીઆઈસીએસ) ને સોંપવાની હોય છે. કરોડોની લોન લઈને ફરાર થઈ ગયેલા આશરે નવ જેટલા લોકોને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે, જેમની પાસેથી બેન્કોએ ૧૫,૨૯૮ રૂપિયા લેવાના બાકી છે.

૧૦૫ ભારતીય સહિત ૩૦૭૫ની ધરપકડ

# ડિજિટલ અરેસ્ટ કરનાર ગેંગ પર કંબોડિયામાં મોટી કાર્યવાહી

## ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયના અધિકારીઓએ ગયા મહિને કંબોડિયાના અધિકારીઓ સાથે બેઠક કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

કંબોડિયામાં ઓનલાઈન સ્કેમ અને ડિજિટલ અરેસ્ટ કરનારાઓ સામે મોટી કાર્યવાહી કરાઈ છે. ભારતના ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરની અપીલ પર કંબોડિયા સરકારે છેલ્લા ૧૫ દિવસમાં દેશભરમાં દરોડા પાડ્યા હતા. ૧૦૫ ભારતીય સહિત ૩૦૭૫ની ધરપકડ લોકોની ધરપકડ કરી છે.અહેવાલો અનુસાર, ભારતીય ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયને ગુપ્ત માહિતી મળી હતી કે કંબોડિયાથી ડિજિટલ અરેસ્ટનો ખેલ ચાલી રહ્યો છે. ત્યારે કંબોડિયા સરકારે ૧૩૮ અલગ અલગ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ધરપકડ કરાયેલા લોકોમાંથી ૬૦૬ મહિલાઓ છે. જેમાં ૧,૦૨૮ ચીની, ૬૯૩ વિયેતનામી, ૩૬૬ ઈન્ડોનેશિયન, ૧૦૧ બાંગ્લાદેશી, ૮૨ થાઈ, ૫૭ કોરિયન, ૮૧ પાકિસ્તાની, ૧૩ નેપાળી અને ૪ મલેશિયન નાગરિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ફિલિપાઈન્સ, નાઈજીરીયા, મ્યાનમાર, રશિયા અને યુગાન્ડા જેવા અન્ય દેશોના લોકોની પણ ધરપકડ કરાઈ છે.આ કાર્યવાહી દરમિયાન મોટી સંખ્યામાં કમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ ફોન, ડ્રગ્સ, હથિયારો, ગોળીઓ, ચીની અને ભારતીય પોલીસના નકલી ગણવેશ, ડ્રગ્સ પ્રોસેસિંગ મશીનો મળી આવ્યા છે. ઘણાં કિસ્સાઓમાં, એક્સ્ટસી પાવડર જેવા ડ્રગ્સ પણ મળી આવ્યા છે. એવું માનવામાં આવે છે કે આ રેકેટમાં ઘણાં વધુ લોકોની ધરપકડ થઈ શકે છે. આરોપીઓના કંબોડિયા ઉપરાંત અન્ય દેશોમાં કનેક્શન હોઈ શકે છે. જેની તપાસ ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર હવે કંબોડિયામાં ધરપકડ કરાયેલા ૧૦૫ ભારતીયોને પરત લાવવાનો પ્રયાસ કરી રહી છે. ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયના અધિકારીઓએ ગયા મહિને કંબોડિયાના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. ભારત સરકારે નાગરિકોને કંબોડિયામાં કાર્યરત સાયબર ળોડ રેકેટથી સાવધ રહેવા ચેતવણી આપી છે.



જયપુરમાં 'હરિયાળી અમાવસ્યા' નિમિત્તે અરવલ્લી પર્વતોનું શાંત દૃશ્ય.

## ગુજરાત-બિહારના પ્રવાસીઓ માટે રેલવેની મોટી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય રેલવે ગુજરાત અને બિહારનો પ્રવાસ કરનારાઓ મુસાફરો માટે મોટો નિર્ણય લીધો છે. રેલવેએ જયનગર-ઉધના સ્પેશિયલ ટ્રેનના ફેરાને બે મહિના સુધી લંબાવી દીધો છે. રેલવેના આ નિર્ણયના કારણે અમદાવાદ અને પશ્ચિમ ભારત જનારા મુસાફરોને મોટી રાહત મળશે. સૌથી વધુ બિહારથી ગુજરાત અને ગુજરાતથી બિહાર પ્રવાસ કરનારાઓને ફાયદો થશે. આ ઉપરાંત રેલવેએ પટણા-ઉધના અને ઉધના-પટણા ટ્રેનોના ફેરાને પણ લંબાવી દીધો છે. રેલવેએ કહ્યું છે કે, 'ટ્રેન નંબર ૦૯૦૩૧/૩૨ જયનગર-ઉધના-જયનગર સ્પેશિયલ ટ્રેનના ફેરાને લંબાવી દેવાયો છે. આ ટ્રેન અગાઉ ૨૭ જુલાઈ સુધી જ દોડાવાની હતી, જોકે હવે તેને બે મહિના લંબાવી ૨૮ અને ૨૯ સપ્ટેમ્બર સુધી દોડાવવાનો નિર્ણય કરાયો છે.' રેલવેના આ નિર્ણયના કારણે બિહારથી ગુજરાત આવતા મુસાફરોને લાભ મળશે. એટલે કે રોજગાર, વેપાર અથવા પારિવારિક કારણોસર અમદાવાદ, સુરત અને ઉધના તરફ નિયમિત પ્રવાસ કરનારાઓને તેનો ફાયદો થશે.' આ ટ્રેન સપ્તાહમાં બે દિવસ શનિવારે અને રવિવારે જયનગરથી રવાના થતી હતી અને એક્સપ્રેસ ટ્રેન તરીકે સાપ્તાહિત દોડાવાતી હતી, ત્યારે રેલવે ફેરો વધારવાનો જુલાઈમાં બીજી વખત નિર્ણય લીધો છે. આ પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, રેલવે પ્રવાસીઓની માંગ અને ટ્રાફિકને ધ્યાને રાખી સમયે સમયે તેની સમીક્ષા કરી રહ્યું છે.

**આજથી શ્રાવણ માસનો પ્રારંભ | સોમનાથમાં ભજન ભોજન અને ભક્તિનો ૩૦ દિવસીય મહોત્સવ યોજાશે : હર હર ભોલે જય સોમનાથ નાદ ગુંજશે**

# સોમનાથ મંદિરે ભાવિક ભક્તો માટે કરાઈ ખાસ વ્યવસ્થા

| (એજન્સી) સોમનાથ, તા.૨૪ |

શ્રાવણનો પ્રારંભ પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ રુપી ૩૦ દિવસીય શીવોત્સવનો પ્રારંભ તા.૨૫/૦૮/૨૦૨૫-શુક્રવાર થશે અને પૂર્ણાહુતી તા.૨૩/૦૮/૨૦૨૫ શ્રાવણ વદ અમાસના રોજ થશે. ત્યારે સોમનાથ ભજન ભોજન અને ભક્તિનું સંગમ કેન્દ્ર બનશે. દેશ વિદેશના શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શન કરી ભોળાનાથ શિવજીના જાપમાં લીન થશે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આવનાર પ્રત્યેક શ્રદ્ધાળુને પ્રેમ પૂર્ણ આતિથ્ય મળે તેના માટે બહુસ્તરીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. શ્રાવણમાં ભક્તો ચાર સોમવાર, અગીયારસ, રક્ષાબંધન, સાતમ-આઠમ, જન્માષ્ટમી, માસિક શિવરાત્રિ, અમાસ સહિતના દિવસોમાં આવનાર માનવ મહેરામણ ના સ્વાગત માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. યાત્રી સુવિધાઓ-પૂજન તેમજ આરાધ્ય દેવ સોમનાથ મહાદેવના દર્શન



જન-જન ને સુંદર રીતે થાય તેવુ આગવુ આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રતિ વર્ષ શ્રાવણ માસ દરમિયાન ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને પધારતા હોય છે. અને દર વર્ષે યાત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ જોઈને આ વર્ષે ભૂતકાળના તમામ શ્રાવણ કરતા વધુ શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. વધારે માત્રામાં આવનારી યાત્રીઓ માટે રહેવા, ભોજન અને દર્શનની ઉત્તમ વ્યવસ્થા થાય તેના માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ વિભાગોમાં માઈક્રો મેનેજમેન્ટ કરી સુચારુ વ્યવસ્થાઓ ઉભી કરી છે, શ્રાવણ માસ માટે વધારાની સાધન સામગ્રી સાથે વધુ સ્ટાફ મંદિરમાં ફરજ પર મૂકવામાં આવ્યો છે. શ્રી સોમનાથ મંદિર દરવર્ષની જેમ આ વર્ષે પણ સોમવાર તથા તહેવારોના દિવસોએ સવારના ૪-૦૦ વાગ્યે ખોલવામાં આવશે.

વૃદ્ધો અશક્ત યાત્રીકો, દિવ્યાંગો માટે પાર્કિંગ ખાતેથી શ્રી સોમનાથ મંદિર સુધી પહોચવા નિઃશુલ્ક વાહન વ્યવસ્થા ગોઠવવામાં આવશે. શ્રી સોમનાથ મંદિર પરિસરના અપ્રોચ એરિયામાં ટ્રસ્ટ દ્વારા સ્વાગત કક્ષ ની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મોટા અક્ષરે સ્વાગત કક્ષ લખેલા સફેદ ટેન્ટમાં વૃદ્ધો તેમ દિવ્યાંગો માટે વ્હીલ ચેર, મંદિરમાં ચાલનારી ગોલ્ફ કાર્ટ માટે સીનીયર સીટીઝન અને દિવ્યાંગો માટે નિશુલ્ક ટિકિટ તેમજ વિશેષ જરૂરિયાત હોય તેવા યાત્રીઓ માટે સહાયક ગોઠવવામાં આવ્યા છે. વૃદ્ધો અને દિવ્યાંગોને દર્શનમાં સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. શ્રી સોમનાથ મંદિરમાં સૌથી ઉત્કૃષ્ટ યાત્રી અનુભવ આપવા મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ પૂજન વ્યવસ્થા માટે માળખું ઊભું કરવામાં આવ્યું છે. વધારાનો સ્ટાફ, સુપરવાઈઝરો, પંડિતજી સહિતની ટીમ દ્વારા અહી ધ્વજા પૂજા, પાઘ પૂજા, માર્કંડેય પૂજા, કાલસર્પયોગ નિવારણ પૂજા, રુદ્રાભિષેક પાઠ, સંકલ્પ, સહિતની પૂજન વ્યવસ્થા કરવામાં આવશે. અહીં જ યાત્રી વિશેષ કાઉન્ટર પર પૂજા નોંધાવી પણ શકશે. પોતે કરાવેલ પૂજાનો પ્રસાદ પણ અહીં જ પૂજા નોંધાવનાર ભક્તોને પહોંચાડવામાં આવશે. પૂજા માટે સંકીર્તન ભવન વન સ્ટોપ સોલ્યુશન બનશે.

## ગાંધીધામમાં ૨૦ લાખની લૂંટનો પ્રયાસ : ત્રણ ઝડપાયા

| (એજન્સી) ભુજ, તા.૨૪ |

ગાંધીધામમાં એક આંગડિયા વેપારી પર ૨૦ લાખ રૂપિયાની લૂંટ કરવાના પ્રયાસમાં પોલીસે ત્રણ આરોપીઓને ૨૪ કલાકમાં ઝડપી પાડ્યા છે. આરોપીઓએ સોશિયલ મીડિયા પર વીડિયો જોઈને આ લૂંટનું કાવતરું ઘડ્યું હતું. ગાંધીધામના મીઠોરોહર હાઈવે પર રાધે કોમ્પ્લેક્સમાં રાજુભાઈ રસિકલાલ ઠક્કર ઘનશ્યામ ટેલિકોમ નામની આંગડિયા અને મની ટ્રાન્સફરની પેઢી ચલાવે છે. સોમવારે, રાજુભાઈ બજારમાંથી ૨૦ લાખની રોકડ રકમ લઈને તેમની દુકાને પહોંચ્યા ત્યારે તેમના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, વેપારીએ સમયસૂચકતા વાપરીને રૂપિયા ભરેલો થેલો બાજુની દુકાનમાં ફેંકી દીધો અને બૂમાબૂમ કરી. આસપાસના વેપારીઓ ઘટનાસ્થળે પહોંચી જતાં હુમલાખોરો કારમાં નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત રાજુભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ અધિક્ષક સાગર બાગમારે તુરંત જ નાકાબંધી કરવાનો આદેશ આપ્યો હતો. પોલીસે ઘટનાસ્થળ અને લૂંટારુઓની કાર જે દિશામાં ભાગી હતી તે દિશાના સીસીટીવી ફૂટેજ તપાસતા એક શંકાસ્પદ બલેનો કાર કચ્છ બહાર માળિયા તરફ જતી હોવાનું જણાયું હતું.

## અમદાવાદના કોમર્શિયલ રિયલ્ટી માર્કેટને ફટકો

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદ સહિત ગુજરાતમાં રિયલ એસ્ટેટ માર્કેટની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. હાલમાં જ ગુજરેરાનો એક રિપોર્ટ પબ્લિશ થયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ગુજરાતમાં રેસિડેન્શિયલ પ્રોપર્ટીનો ૮૯ ટકા પૂરવઠો વેચાયા વગરનો પડી રહ્યો છે. જોકે, ફક્ત રેસિડેન્શિયલ જ નહીં પરંતુ કોમર્શિયલ પ્રોપર્ટીમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદના કોમર્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. એક અગ્રણી અંગ્રેજી દૈનિકના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૭-૧૮માં અમદાવાદમાં જ્યાં કોમર્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં ૮૮૭૧ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થયું હતું, તેની સરખામણીમાં ૨૦૨૪-૨૫માં ૨૬૧ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે અને તે ૩૩૯૪ કરોડ રૂપિયા પર આવી ગયું છે.

**સાત જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ કર્યું હતું**

# જંગલમાં સક્રિય ભેજાબાજ ચંદન ચોર ટોળકીની મોડસ ઓપરેન્ડી

**વન વિભાગને જાણ થતા તસ્કરો નાસી છૂટ્યા : કટિંગ કરેલી હાલતમાં ચંદનના વૃક્ષ અને હથિયારો મળ્યા**

| (એજન્સી) જૂનાગઢ, તા.૨૪ |

દાતાર જંગલમાં ચંદન ચોરીની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર શખ્સો જંગલમાં ઘૂસ્યા હતા અને સાત જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ કર્યું હતું. વન વિભાગને જાણ થતા ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર તસ્કરો નાસી છૂટ્યા હતા. જ્યારે વન વિભાગને કટિંગ કરેલી હાલતમાં ચંદનના વૃક્ષ અને હથિયારો મળ્યા છે. આવો જોઈએ ચંદન ચોરોની શું હોય છે મોડેસઓપ્રેન્ડી.

ચંદન ચોરી પુષ્પા ફિલ્મમાં તો જોઈ હશે પરંતુ દાતારના જંગલમાં ફિલ્મ જેવી ઘટના બની છે. દાતાર અને ગિરનાર જંગલમાં અસંખ્ય ચંદનના વૃક્ષો આવેલા છે. છેલ્લા ઘણા વર્ષોથી પરપ્રાંતિય લોકો દ્વારા જંગલમાં ઘુસી અને ચંદનના વૃક્ષની તસ્કરી કરવામાં આવે છે ત્યારે ગત સોમવારના બપોરના સમયે દાતાર જંગલના ૩૦૦ પગથિયાં આસપાસ ૭ જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ ચાલતું હતું. જેની માહિતી પેટ્રોલિંગમાં રહેલા વન વિભાગના સ્ટાફને મળતા આખા જંગલને સ્ટાફ દ્વારા ઘેરી લેવામાં આવ્યો હતો અને ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર શખ્સોનો પીછો કરવામાં આવ્યો હતો. પરંતુ મુદ્દામાલ છોડી અને તસ્કરી કરનાર શખ્સોને નાસી છૂટ્યા હતા.

વન વિભાગનો સ્ટાફ ચંદન ચોરોને ઝડપી લે તે પહેલા જ સ્ટાફ પર હુમલાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો અને ચંદન ચોરો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ ચંદન ચોરોને ઝડપી પાડવા વન વિભાગે જુદી જુદી ટીમો બનાવી છે અને સતત ત્રણ દિવસથી જંગલ વિસ્તાર તેમજ રેલ્વે સ્ટેશન બસ સ્ટેશન સહિતના વિસ્તારોમાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

છેલ્લા ઘણા સમયથી ગીર અને ગિરનારમાં ચંદન ચોરી થઈ રહી છે. તેમાં મોટાભાગના પરપ્રાંતિય લોકો દ્વારા આ ચંદન ચોરી કરતા હોવાનું સામે આવ્યું છે. ચંદન ચોરી કરનાર શખ્સોની મોડેસઓપ્રેન્ડીની વાત કરીએ તો પરપ્રાંતિય લોકો જુનાગઢ આસપાસના વિસ્તારમાં મજૂરી કરવા આવે છે અને બાદમાં તે આ જંગલ વિસ્તારની રેકી પણ કરી લે છે અને બાદમાં થોડા દિવસ પછી તે ફરી હથિયારો પોતાના વસ્ત્રોમાં છુપાવી અને જંગલમાં પ્રવેશ કરે છે અને જંગલ વિસ્તારમાં હથિયારો રાખી ચાલ્યા જાય છે. એક બાદ એક ફરી થોડા દિવસ બાદ આ ચંદન ચોરી કરનાર લોકો જંગલમાં પ્રવેશ કરે છે અને આયોજનબદ્ધ રીતે તે ચંદન ચોરી કરતા હોય છે તેવું ગત વર્ષોમાં બનેલી ચંદન ચોરીની ઘટનાથી સામે આવ્યું છે.

આમ, ચંદનચોરીની ઘટનાથી વન વિભાગ સતર્ક થયું છે દાતાર અને ગિરનારના જંગલમાં ચંદનના વૃક્ષો આવેલા છે ત્યાં આસપાસ વન વિભાગની જુદી જુદી ટીમો હવે સતત પેટ્રોલિંગ કરશે અને પોલીસની પણ મદદ લેવામાં આવી છે. જોવાનું એ રહ્યું કે ચંદન ચોરી કરનાર શખ્સોને વન વિભાગ ક્યારે પકડી લે છે.

# અમદાવાદમાં સોસાયટીની NOC વગર PG શરૂ નહીં કરી શકાય

**PG ઓપરેટર્સે તેમની હાઉસિંગ સોસાયટી અને પોલીસ પાસેથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત**

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા નવી પોલિસી જાહેર કરવામાં આવી છે, જે મુજબ હવે પેઈંગ ગેસ્ટ (PG) ઓપરેટર્સે તેમની હાઉસિંગ સોસાયટી અને પોલીસ પાસેથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મેળવવાનું ફરજિયાત રહેશે. ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદો આપ્યો હતો જેમાં AMCને પીજી માટે સ્પષ્ટ ધારાધોરણો નક્કી કરવાનું કહ્યું હતું, અને ત્યારબાદ સિવિક બોડી દ્વારા આ નવો નિયમો લાગુ કરવામાં આવ્યો છે.

એક અગ્રણી અંગ્રેજી દૈનિકના રિપોર્ટ પ્રમાણે, AMC એ કોમ્પ્રીહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ (CGDCR), ૨૦૧૭ હેઠળ આ નિયમો લાગુ કર્યા છે. આ નવા નિયમોનો ઉદ્દેશ્ય પીજી સુવિધાઓમાં વધુ પારદર્શિતા લાવવાનો અને તેની સેફ્ટીને વધારે મજબૂત બનાવવાનો છે, કેમ કે પીજીને લઈને ઘણી વખત સોસાયટીઓમાં તકરાર થઈ હોવાની ઘટનાઓ બની ચૂકી છે. રેસિડેન્શિયલ સોસાયટીઓ દ્વારા AMCના આ પગલાંને આવકારવામાં આવ્યો છે. ઘોડાસરની એક સોસાયટીના ચેરપર્સન ભૂમિ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વર્ષોથી તેમની સોસાયટીના સભ્યોને પીજીમાં રહેતા અજાણ્યા લોકો અને ઘોંઘાટ તથા ભીડના કારણે હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. હવેથી સોસાયટીઓ પાસે પીજીને મંજૂરી આપવી કે નહીં તેનો અધિકાર છે. આ નિયમ ઘણો જ યોગ્ય છે, કેમ કે સોસાયટી અનરેગ્યુલેટેડ ગેસ્ટ હાઉસ ન બનવી જોઈએ. નવી ગાઈડલાઈન્સમાં પીજી સંસ્થાઓને હોસ્ટેલ, લોજિંગ અને બોર્ડિંગ હાઉસ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ ક્લાસિફિકેશન પ્રમાણે તેમને બિલ્ડિંગના ઉપયોગના નિયમોનું સખ્ત પાલન કરવું પડશે. ફાયર સેફ્ટીની મંજૂરી, એસ્ટેટ વિભાગનું ક્લિયરન્સ અને યોગ્ય ડેવલપમેન્ટ પરમિટ્સ હવે જરૂરી બની ગઈ છે. હવેથી હોસ્ટેલ જેવી તમામ સુવિધાઓ માટે પીજી શરૂ કર્યાના ૩૦ દિવસની અંદર મંજૂરી લેવી પડશે, અને તેની સાથે સાથે પાર્કિંગની જરૂરિયાતો પણ સખ્ત બનાવી દેવામાં આવી છે. હોસ્ટેલ દ્વારા તેના ઉપયોગના ૨૦ ટકા વિસ્તાર પાર્કિંગ માટે ફાળવવો આવશ્યક છે. લોજ માટે આ જરૂરિયાત ૩૦થી ૫૦ ટકાની વચ્ચે છે. અત્યાર સુધી મ્યુનિસિપાલિટી પાસે પીજી અંગે મર્યાદિત સત્તા હતી, પરંતુ હવે નવા નીતિગત ફેરફારો હેઠળ મ્યુનિસિપાલિટીઝ નોન-કમ્પ્લાયન્ટ સંસ્થાઓ પર નજર રાખી શકે છે અને તેમની સામે પગલાં લઈ શકે છે. જો સ્ટાન્ડર્ડ પ્રમાણે બધું નહીં હોય તો તેવી સ્થિતિમાં મ્યુનિસિપાલિટી પાસે કામગીરી બંધ કરવાનો અધિકાર પણ આવી ગયો છે.

# હવે શિક્ષકોને વધારાની જવાબદારી આપતા પહેલા મંજૂરી લેવી પડશે

**વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે પરિપત્ર કરીને આવી કોઈપણ જવાબદારીઓ શિક્ષકોને સોંપવી એ ઉચિત નથી**

| (એજન્સી) રાજકોટ, તા.૨૪ |

રાજકોટ જિલ્લાના ઘેલા સોમનાથ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થે આવતા મહત્વપૂર્ણ મહાનુભાવોના ભોજન સંચાલન માટે જસદણના પ્રાંત અધિકારી દ્વારા શાળાના આચાર્યો અને શિક્ષકોને સોંપવામાં આવેલી ફરજનો પરિપત્ર ધ્યાને આવતા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ તાત્કાલિક ધોરણે આ પરિપત્ર રદ કરવાના આદેશ આપ્યા છે. શિક્ષણ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર કરતા શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંત લોકમેળામાં મહાનુભાવોના ભોજન સંચાલનની જવાબદારી સોંપવી બિલકુલ અયોગ્ય છે. વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે પરિપત્ર કરીને આવી કોઈપણ જવાબદારીઓ શિક્ષકોને સોંપવી એ ઉચિત નથી.

ભારત સરકાર અથવા ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ કક્ષાએથી નિર્ધારિત કરાયેલી ચૂંટણી જેવી મહત્ત્વપૂર્ણ ફરજ સિવાયની કોઈપણ અન્ય જવાબદારી રાજ્યના શિક્ષકોને ભવિષ્યમાં સોંપવામાં ન આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નિર્ણય લેવામાં આવશે. વિદ્યાર્થીઓના ભણતર પર અસર ન થાય તે માટે ભવિષ્યમાં શિક્ષકોને અન્ય કોઈપણ જવાબદારી સોંપવા પૂર્વે ગાંધીનગર શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સાથે સંકલન કરવાનું રહેશે. આ ઘટના સંદર્ભે શિક્ષણ રાજ્ય મંત્રીએ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર સાથે ટેલીફોનીક વાતચીત કરીને જરૂરી કાર્યવાહી કરવા તેમજ તાત્કાલિક ધોરણે આ પરિપત્ર રદ કરાવવા સૂચના આપી હતી. સાથે જ તેમણે, ભવિષ્યમાં શિક્ષકોને અન્ય જવાબદારી સોંપતા આવા કોઈ આડેધડ પરિપત્રો ન થાય તે અંગે અગ્ર સચિવનું વિશેષ ધ્યાન દોર્યું હતું.

**સુરતમાં બહેન ભાઈનો**

# નાસ્તો ખાઈ જતાં રિસાયેલા ૧૨ વર્ષના ભાઈનો આપઘાત

**સુરતમાં બે દિવસમાં ઉપરાછાપરી બે ઘટનામાં નાદાન બાળકોએ સાવ નજીવી બાબતમાં મોતને વ્હાલુ કરી દીધું છે**

| (એજન્સી) સુરત, તા.૨૪ |

સુરતમાં બે દિવસમાં ઉપરાછાપરી બે ઘટનામાં નાદાન બાળકોએ સાવ નજીવી બાબતમાં મોતને વ્હાલુ કરી દીધું છે. બુધવારે કતારગામમાં બહેને ભાઈનો નાસ્તો ખાઈ લેતા બાર વર્ષનો ભાઈ રિસાઈ ગયો હતો અને આપઘાત કરી લીધો હતો. ગતરોજ પાંડેસરામાં પપ્પાએ મોબાઈલ આપવાની ના પાડતા તા ૧૭ વર્ષના કિશોરે ફાંસો ખાઈ લીધો હતો.મુળ બિહારના અને સુરતના કતારગામમાં રહેતા સરકારી શાળામાં ધોરણ ૪માં અભ્યાસ કરતા કિશોરે નજીવી બાબતે પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. હકીકતમાં તેની નાની બહેને તેને પુછ્યા વિના તેનું ખાવાનું ખાઈ લીધું હતું. આ વાતનું કિશોરને માઠું લાગી ગયું હતું. જેના કારણે તેણે આપઘાત કરવા જેવું મોટું પગલું લીધું હતું. નોંધનીય છે કે, મૃતકના પિતા એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરે છે અને તેમના પાંચ સંતાન છે, જેમાંથી એકે પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. સુરતના પાંડેસરામાં રહેતા અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા એક ૧૭ વર્ષીય કિશોરને તેના પિતાએ મોબાઈલ ફોન આપવાની ના પાડતા આપઘાત કરી લીધો હતો. કિશોર ધોરણ ૧૨માં હતો અને અભ્યાસમાં ધ્યાન આપવાના બદલે મોટાભાગનો સમય મોબાઈલ ફોનમાં જ વ્યસ્ત રહેતો હતો.

